|| શ્રી દ્વારકેશો વિજયતે ||

|| શ્રી કલ્યાણરાયો વિજયતે ||



# પુષ્ટિ પ્રવેશિકા

## (તૃતિય વર્ષ)

## બાળ સંસ્કાર કેન્દ્ર

### અભ્યાસક્રમ

**માર્ગદર્શક:**

**ષષ્ઠપીઠાધિશ્વર પૂ. પા. ગો. ૧૦૮**

**શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી**

Pushti Youth
Awakening Youth In You

પુષ્ટિ યુથ

SDT
Shri Dwarkadhish Temple

શ્રી ભક્તિનીધી ઈનકોર્પોરેશન

# અનુક્રમણિકા

## અભ્યાસક્રમ - તૃતીય વર્ષ

**(Age 18 to 35)**


| | | |
|---|---|---|
| ૧. | કૃષ્ણાશ્રય - અર્થ તથા વાર્તા | ૧ |
| ૨. | નવરત્ન - અર્થ તથા વાર્તા | ૪ |
| ૩. | સિધ્ધાંત રહસ્ય - અર્થ તથા વાર્તા | ૭ |
| ૪. | મધુરાષ્ટકમ્ | ૯ |
| ૫. | શ્રી મહાપ્રભુજી - ચરિત્ર ગુણગાન | ૧૦ |
| ૬. | અષ્ટસખા (શ્રી મહાપ્રભુજીના ચાર સખા) | ૧૫ |
| ૭. | બેઠકજી - પરિચય (બેઠકજી, ગાનીજી, પાદુકાજી) | ૧૬ |
| ૮. | શ્રીનાથજી - સ્વરૂપ દર્શન તથા વાર્તા સાહિત્ય | ૧૭ |
| ૯. | વૈષ્ણવ પરિચય - કર્તવ્ય, તિલક, તુલસીના કંઠી | ૧૯ |
| ૧૦. | બ્રહ્મસંબંધ - પરિચય, અર્થ અને મહત્વ | ૨૬ |
| ૧૧. | શ્રી ઠાકોરજીની સેવાઓનો પ્રકાર | ૨૮ |
| ૧૨. | કીર્તન - શબ્દ પરિચય (અર્થ સહિત) | ૨૯ |
| ૧૩. | આશ્રયપદનું ગાન | ૨૯ |
| ૧૪. | પુષ્ટિમાર્ગ સામાન્યજ્ઞાન પ્રશ્નોત્તરી | ૩૦ |

# શ્રી કૃષ્ણાશ્રય

લાહોરમાં વસતા 'બુલામિશ્ર' કૃષ્ણાશ્રયના પ્રાકટ્યમાં નિમિત્ત બન્યા. બ્રાહ્મણ પરિવારમાં એમનો જન્મ થયો. માતાપિતાએ ભણાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિદ્યા ન મળી. ભણવા માટે કાશી આવ્યા છતાંય વિદ્યા ન આવી એટલે ગંગાતટે અન્નજળનો ત્યાગ કરીને સરસ્વતીની ઉપાસના કરી. સરસ્વતીએ દર્શન તો આપ્યા પણ વિદ્યા ન આપી. કહ્યું કે, 'ભગવાનની આજ્ઞા હોય તો જ હું વિદ્યા આપી શકું. મારી શક્તિની મર્યાદા છે.' બુલા મિશ્રને ગંગાજીમાંથી ભગવદાજ્ઞા થઇ કે, 'તું શ્રીમહાપ્રભુજીને શરણે જા. એમની કૃપાથી તને વિદ્યા અવશ્ય મળશે.'

બુલા મિશ્ર હવે અડેલ આવ્યા અને શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનો આશ્રય કર્યો. એમના હૃદયમાં માત્ર વિદ્યાનો જ મનોરથ ન રહ્યો પણ સાક્ષાત્પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુના સ્વરૂપાનંદની અભિલાષા જાગી. શ્રીમહાપ્રભુજીએ બુલા મિશ્રાને નિવેદન કરાવાની શરણે લીધો. તેમને માટે આ 'કૃષ્ણાશ્રય' ગ્રંથ રચીને તેમને ભણાવ્યો. તે આનો નિત્યપાઠ કરવા લાગ્યા અને તેમને વેદશાસ્ત્ર પુરાણોનું જ્ઞાન પ્રાપ્ત પણ થઇ ગયું અને ભગવાનની માનસી સેવા પણ સિદ્ધ થઇ ગઇ. શ્રી વિવેક ધૈર્યાશ્રયમાં વિવેક, ધૈર્ય અને આશ્રયના રક્ષણનું વિધાન કર્યું ત્યારે એક વિચાર સ્વાભાવિક આવે કે કોનો આશ્રય લેવો ? એના સમાધાનમાં 'શ્રીકૃષ્ણાશ્રય' નામના નવમાં ગ્રંથનો આરંભ કર્યો.

કાળબળે ત્રણ વસ્તુ નિરૂપયોગી બની. કાળબળને લીધે માર્ગોનું રહસ્ય અદ્રશ્ય થયું. ઇષ્ટ પ્રાપ્તિના ઉપાયો તે માર્ગોમાંથી અદ્રશ્ય થયા. જ્ઞાન, ભક્તિ અને કર્મના ઉપાસકોની પરંપરા કલિયુગમાં નષ્ટ થઇ. સમાજ પણ પાખંડમાં જ રસ લેનાર બન્યો છે. આ પરિસ્થિતિમાં ભગવાન શ્રીકૃષ્ણ એક જ આધાર છે.

સર્વ દેશો મ્લેચ્છોથી ભરાયેલા છે. દુરાચાર અને વ્યસનથી ચકચૂર થઇને તીર્થધામોમાં અડ્ડા જમાવ્યા છે. ઉપરાંત સજ્જન પુરૂષોને અને તપોમય જીવન જીવનારાઓને સતાવવા લાગ્યા છે. આ હાલતમાં શ્રીકૃષ્ણ એક જ આશ્રય છે.

સંતોના સાન્નિધ્ય વિના તીર્થના દેવોને પણ તીર્થ દેશમાં રહેવાનું રુચ્યું નહિ અને તિરોધાન પામ્યાં ત્યારે શ્રીકૃષ્ણ એક જ આશ્રય રહ્યો છે.

પંડિતોને પણ અહંકારે ગળ્યા છે. અલ્પજ્ઞાન છતાં સર્વજ્ઞાનનો દાવો કરે છે, તેમના અનુયાયીઓ પણ પાપાનુયાયી છે. ધર્માચરણ પણ વ્યવસાય વૃત્તિથી જ થવા લાગ્યું. આવી પરિસ્થિતિમાં તો ભગવાન શ્રી કૃષ્ણ એક જ આશ્રય રહ્યો.

મંત્રો રહસ્ય જ્ઞાનના અભાવે નષ્ટ પ્રાય થયેલ છે. ઉપાસકોની વિષયલાલસા જોઇ મંત્રોના દેવો પણ પોતાનાં મંત્રરૂપ દેવળોમાંથી અન્તર્ધાન થઇ ગયા ત્યારે કેવળ શ્રીકૃષ્ણાશ્રય એક જ આશ્રય રહ્યો છે.

કર્મ અને વ્રત પ્રભુની પ્રાપ્તિના સાધન છે. મંત્રાદિના આરાધકો કેવળ વ્યવસાયરૂપે જ તેનું આચરણ કરતા હતા. આવા પાખંડી ક્રિયા કરનારામાં શ્રદ્ધા સ્થિર ન થતાં શ્રીકૃષ્ણાશ્રય એક જ આશ્રય ઉત્તમ છે.

મંત્ર, તંત્ર, યજ્ઞ વગેરે ભગવત્પ્રાપ્તિનાં સાધનો તો છે જ અને સત્ય છે. પરંતુ આજે તેના પૂરા જાણકાર કોઇકજ મળે છે અને મળે તો મનુષ્ય તેના વિધિ પ્રમાણે આચરણ કરે તેવા મેધાવી, તપસ્વી અને સંયમી નથી. ભગવાનના શરણાગત થવાથી સર્વ કાર્ય સિદ્ધ થશે. શ્રીકૃષ્ણાશ્રય એક જ આશ્રય ઉત્તમ છે.

બ્રહ્માથી આરંભી ઇન્દ્રાદિ દેવો કાલના ભયથી પર નથી તેઓનાં આયુષ્ટ અને આનંદ અવધિવાળા હોય છે તેથી પૂર્ણાનન્દ એવા શ્રીકૃષ્ણનો આશ્રય એ જ ઉત્તમ છે. ઉપાસકને તે પૂર્ણ આનન્દનું દાન કરશે.

મહાપ્રભુજી જીવનની સ્થિતિનું વધુ સ્પષ્ટીકરણ કરે છે. મનુષ્યમાં અનેક ખામીઓ છે. એની પાસે વિવેક,

ધૈર્ય અને ભક્તિનાં સાધનો નથી. પાપમાં માનવની સહજ રસવૃત્તિ છે. માનવીને કામ સુખોમાં પરવશ તન-મન વાળો દીન તરીકે ઓળખાવ્યો છે. આવી સ્થિતિમાં શ્રીહરિના આશ્રય વિના અન્ય કાંઇ પણ અવલંબન નથી.

જે ફલ શરણાગતિથી સાંપડે છે તે 'સમુદ્ધાર' રૂપી અથવા શ્રીકૃષ્ણના આશ્રયરૂપી ફલ આ 'કૃષ્ણાશ્રય' સ્તોત્રના પાઠથી સાંપડે છે. 'જીવમાત્રના દસ પ્રાણ છે અને અગિયારમો આત્યા રહે છે' જેમ દસ પ્રાણથી દેહના સર્વ કાર્યો થાય છે તેમ આ કૃષ્ણાશ્રય સ્તોત્ર જ ભગવદીયોના બધા કાર્ય સિદ્ધ કરશે આ જણાવવા માટે શ્રીમદાચાર્ય ચરણે દસ શ્લોકોથી આ સ્તોત્રની રચના કરી છે. અગિયારમો આત્મા છે. જેમ આત્મા અક્ષય છે તેમ આ સ્તોત્રનો પાઠ કરનારને અક્ષય ફલની પ્રાપ્તિ થશે. માટે ફલની ચર્ચા અગિયારમાં શ્લોકમાં કરી.

'શ્રીકૃષ્ણના સાનિધ્યમાં – સન્મુખ જે કોઇ આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો પાઠ કરશે તેને શ્રીકૃષ્ણનો આશ્રય સાંપડશે.' એમ શ્રી વલ્લભે કહ્યું છે.

સર્વમાર્ગેષુ નષ્ટેષુ, કલૌ ચ ખલધર્મિણિ ।
પાખંડ પ્રચુરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ।। ૧ ।।

ખલધર્મવાળા કલિયુગમાં કલ્યાણકારક સર્વમાર્ગો નષ્ટ થઇ ગયા છે, લોકો પાખંડ-પ્રચુર છે, ત્યારે કૃષ્ણ જ મારી ગતિ છે. (૧)

મ્લેચ્છાકાન્તેષુ દેશેષુ, પાપૈકનિલયેષુ ચ ।
સત્પીડાવ્યગ્રલોકેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।। ૨ ।।

સર્વ-દેશો મ્લેચ્છો (મલિન ઇચ્છાવાળા લોકો)થી ભરાયેલા છે. તેમજ કેવળ પાપીનાં નિવાસ બની ગયા છે. સજજનોને થતી પીડા જોઇ લોકો અધીરા થઇ રહ્યા છે. આ દશામાં શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે. (૨)

ગંગાદિતીર્થવર્યેષુ, દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।
તિરોહિતાધિદૈવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।। ૩ ।।

આ લોકમાં ગંગાજી વગેરે ઉત્તમ-તીર્થો દુષ્ટોથી જ ચારે બાજુ ઘેરાયેલાં છે. તેમનું આધિદૈવિક-સ્વરૂપ અન્તર્ધાન થયેલ છે, તે સ્થિતિમાં શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે (૩)

અહંકારવિમૂઢેષુ, સત્સુ પાપાનુવર્તિષુ ।
લાભપૂજાર્થયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।। ૪ ।।

સત્-પુરુષો અભિમાનથી મૂઢ બનતા જાય છે, પાપ અને પાપીઓને અનુસરનારા થઇ રહ્યા છે, ધનલાભ અને પૂજાવાના ઉદ્દેશે યત્ન કરી રહ્યા છે, આ અવસ્થામાં શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે. (૪)

અપરિજ્ઞાનનષ્ટેષુ, મંત્રેષ્વવ્રતયોગિષુ ।
તિરોહિતાર્થદેવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।। ૫ ।।

મંત્રો રહસ્ય-જ્ઞાનના અભાવે નષ્ટપ્રાય થયેલા હોવાથી, તેમજ વ્રત અને નિયમપૂર્વક ભણાતા ન હોવાથી, વળી મંત્રોના અર્થ તથા દેવતાઓ તિરોહિત થયેલ હોવાથી, શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે. (૫)

નાનાવાદવિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ ।
પાખંડૈકપ્રયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।। ૬ ।।

સર્વ-કર્મો-વ્રતો વગેરે વિવિધ પ્રકારના વાદવિવાદથી નાશ પામ્યાં છે. કેવળ પાખંડ માટે જ પ્રયત્ન થાય છે આથી શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે. (૬)

અજામિલાદિદોષાણાં, નાશકોનુભવે સ્થિતઃ ।
જ્ઞાપિતાખિલમાહત્મ્યઃ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૭ ॥

અજામિલ વગેરેના દોષોના નાશક તરીકે અનુભવમાં આવેલા તેમજ પોતાના મહાત્મ્યને જણાવનારા, શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે. (૭)

પ્રાકૃતાઃ સકલા દેવા, – ગણિતાનન્દકં બૃહત્ ।
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્, કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૮ ॥

સર્વ–દેવતાઓ પ્રકૃતિના કાર્યરૂપે છે. અક્ષરબ્રહ્મ તો ગણી શકાય એવા આનંદવાળું છે. જયારે શ્રીકૃષ્ણ પૂર્ણાનંદરૂપ છે. માટે શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે. (૮)

વિવેકધૈર્ય ભક્ત્યાદિ–રહિતસ્ય વિશેષતઃ ।
પાપાસકતસ્ય દીનસ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૯ ॥

વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરે વિનાના તથા વિશેષ કરીને પાપમાં આસક્તિવાળા, સાધનહીન, દીન એવા (ગરીબો માટે), શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે. (૯)

સર્વસામર્થ્યસહિતઃ, સર્વત્રૈવાખિલાર્થકૃત્ ।
શરણસ્થસમુદ્ધારં, કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ॥ ૧૦ ॥

સર્વ પ્રકારના સામર્થ્યવાળા, સર્વ બાબતમાં સર્વ–મનોરથોને પૂર્ણ કરનારા, શરણે રહેલા જીવનો ઉદ્ધાર કરનારા શ્રીકૃષ્ણને હું વિનંતિ કરું છું. (૧૦)

કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં, યઃ પઠેત્ કૃષ્ણસન્નિધૌ ।
તસ્યાશ્રયોભવેત્ કૃષ્ણ, ઇતિ શ્રીવલ્લભોબ્રવીત્ ॥ ૧૧ ॥

આ કૃષ્ણાશ્રય નામના સ્તોત્રગ્રંથનો જે કોઇ શ્રીકૃષ્ણ ભગવાનની (કે ભક્તની) સમીપમાં પાઠ કરે, તેનો શ્રીકૃષ્ણ પોતે આશ્રય થાય, એમ શ્રીમદ્ વલ્લભ વદે છે. (૧૧)

**॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં કૃષ્ણાશ્રય સ્તોત્રં સંપૂર્ણમ્ ॥**

# નવરત્નમ્

ખેરાળુ ગામના ગોવિન્દ દુબે સાંચોરાના વ્યગ્ર રહેતા મનને સેવામાં લાગતું કરવા શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથ રચ્યો. શ્રીનવરત્ન ષોડશ ગ્રંથમાંનો છઠ્ઠો ગ્રંથ છે. સેવામાં શરીર જોડાય, પણ ચિન્તાવાળું મન સેવામાં તન્મય ન થાય, આવી સ્થિતિમાં ! સેવા ન થાય તેની ચિંતા થાય તે ચિંતાના નિવારણનો ઉપાય શો ?

સંસારમાં રહેનારા જીવાત્માને અનેક પ્રકારની ઉપાધિઓ આવે છે. તેના નિવારણ માટે મણિ, મંત્ર અને ઔષધિઓનો ઉપયોગ કરાય છે. નિઃસાધન માનવ તે મોંઘી વસ્તુઓ ક્યાંથી લાવે ? તેનો પણ ખ્યાલ શ્રીમદ્ આચાર્ય ચરણને આવ્યો અને નવરત્ન ગ્રંથમાં આપ્યો.

જો નવરત્નમાં વર્ણવેલા નવમાં રત્નનું એટલે 'અષ્ટાક્ષરમંત્ર'નું નિત્ય અને પ્રતિક્ષણ અનુસંધાન રાખે તો માનસિક સ્થિતિ પવિત્ર અને ચિંતામુક્ત થાય છે અને ભગવદાશ્રય દ્રઢ થાય છે. નિવેદન કરેલા જીવે કોઇ ચિંતા ન કરવી. પ્રસંગો જ ચિંતા કરાવે છે. પરંતુ જે વ્યક્તિ આત્મનિવેદન કરી ચૂકી છે તેવા જીવનનું સર્વ લૌકિક અને વૈદિક કાર્ય ભગવાન સંભાળશે.

પ્રથમ શ્લોકમાં લૌકિક, અલૌકિક ચિંતા ન કરવી, પરંતુ સેવા કરવી એવું વિધાન કર્યું. હવે બીજા શ્લોકમાં ચિત્તની બહિર્મુખતા થઇ જાય તો સેવામાં સુખ ન આવે, તેથી માર્ગદર્શન આપે છે. 'કૃષ્ણ તવાસ્મિ' હે કૃષ્ણ હું આપનો છું એવું સતત અનુસંધાન રહે તો જ બહિર્મુખતા ન થાય.

સર્વનો ભગવાન સાથે સંબંધ છે. એકને જ સંબંધ છે એવું નથી. કદાચ કોઇ ભગવદીય ઉપર ભગવાનનો વધુ અનુગ્રહ દેખાય તો એવું દુઃખ ન કરવું. પ્રસન્ન રહેવું. એકવાર કૃપાળુ ભગવાન આપણો પણ તેવો જ અધિકાર સિદ્ધ કરશે. અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેમણે આત્મ નિવેદન કર્યું છે તેને ચિંતા કરવાની નથી. કારણકે ભગવાન તો સર્વજ્ઞ અને પ્રેમથી ભરપૂર છે, તેથી જીવ ભલે ને કોઇ પણ પ્રકારની અવસ્થામાં સમર્પણ કરે, તે તો સમર્પણ કરીને નિશ્ચિત જ બન્યો છે.

શ્રીપુરૂષોત્તમમાં કરેલા નિવેદન બાબતની ચિન્તા ન કરવી તેમજ અન્ય વિયોગમાં પણ ચિંતા ન કરવી. ભગવાન સમર્થ હોવાથી પોતાના સ્વરૂપમાં પ્રીતિ કરાવશે. વિષયાનુરાગ દૂર થશે અને સેવાનુરાગ સિદ્ધ થશે. શ્રીહરિ ઘણા જ દયાળુ છે જે લોકાસક્તિ અને ફલાસક્તિ છોડાવવા માટે કલેશ વિઘ્નો આપશે, પ્રતિકૂલ સ્વજનો આપશે, બધામાંથી તેનું મમત્વ નીકળી જશે અને ભગવાનમાં મનોવૃત્તિ સ્થિર કરશે અને તેને સાચો આનંદ મળશે.

ગુરૂની આજ્ઞાનુસાર ભગવત્સેવા કરવી પરંતુ પ્રસંગવશ ગુરૂની આજ્ઞાનો બાધ પણ થઇ શકે. શ્રીઠાકોરજીનું સુખ સચવાતું હોય તો ભગવદ્ ઇચ્છાનું પાલન કરવું. તેમાં ગુરૂ આજ્ઞાનું ઉલ્લંઘન લાગશે, પરંતુ તે અનાદર નથી.

જો શ્રીઠાકોરજીનું હ્રદય જાણવું હોય તો સેવાપરાયણ થઇને રહો અને સર્વ થતા પ્રસંગોને દ્રષ્ટા તરીકે જોયા કરો.

ચિત્તનો ઉદ્વેગ કરીને પણ શ્રીહરિ જે જે કરશે તે તેની લીલા છે, એમ માનીને ચિંતાનો ત્યાગ કરવો. હરિ ઇચ્છા મંગલમય છે. હરિલીલા રસમય છે એવું સમજી શીઘ્ર ચિંતાને ત્યજી દેવી.

ચિત્તને ચિંતા ઘેરી લે છે ત્યારે સેવામાં નીસરતા, શિથિલતા આદિ આવે છે. બનેલા પ્રસંગોને ચિંતાથી બદલી શકાય તેમ તો નથી એમ સમજી ચિંતા ત્યજી દેવી.

શ્રીમહાપ્રભુજી જીવની શક્તિનું માપ જાણે છે. તેમણે જીવને ચિંતા ન કરવાનો આદેશ આપ્યો અને નિરંતર સર્વાત્મ ભાવે 'શ્રીકૃષ્ણ શરણં મમ'ના અષ્ટાક્ષર મંત્રના અનુસંધાનમાં ઉચ્ચારણમાં જ રહેવું. જેથી સેવામાં

ભાવ જાગશે અને શ્રીઠાકોરજીનો અનુગ્રહ સિદ્ધ થશે. નવરત્ન ગ્રંથના નવ શ્લોકો નવગ્રહની પીડા નિવારણના નવ મંત્રો છે, તેમજ નવરત્નો છે. જ્યોતિષશાસ્ત્રમાં જે જે ગ્રહ પીડાકર સૂચવ્યા છે. શ્રીમહાપ્રભુજીએ એ નવ પ્રકારના ગ્રહોની પીડા નિવારણ માટે આ નવ શ્લોકોને મનમાં ધારણ કરવા અને સદા તેનો જાપ કરવો, એટલે ગ્રહ પીડા રહેશે જ નહિ. ગ્રહપીડા એટલે પ્રારબ્ધ પીડા. પ્રથમ શ્લોક સૂર્યનો મંત્ર અને સૂર્યનો મણિ છે. આ રત્નનું નામ માણિક્ય છે.

બીજો શ્લોક સ્વાતીના અમૃત બિન્દુમાંથી પ્રકટેલ 'મુક્તાફલ' નામનું ચન્દ્રનું રત્ન છે. ત્રીજો શ્લોક વિદ્રુમ મણિ નામનું મંગલનું રત્ન છે અને મંગલનો મંત્ર પણ છે. ચોથું રત્ન બુધનું છે. આ શ્લોક બુધના મંત્ર અને રત્નરૂપે છે. બુધ રત્નનું નામ 'મરકત મણિ' છે. પાંચમો શ્લોક પુષ્યરાગ નામનો મણિ છે એ મણિ બૃહસ્પતિનો છે તેથી આ શ્લોક ગુરૂના મંત્રરૂપ છે. પુષ્યરાજ અથવા પુષપિરાગને પાખરાજ એવું કહીએ છીએ. છઠ્ઠો શ્લોક શુક્રનું રત્ન અને શુક્રનો મંત્ર છે. આનું નામ 'વજારત્ન' સ્વરૂપ છે. સાતમો શ્લોક શનિનું 'ઇન્દ્રનીલ રત્ન' અથવા 'સારિરત્ન' સ્વરૂપ છે. આઠમો શ્લોક 'ગોમેદ' નામનું રાહુનું રત્ન અને મંત્ર છે. રાહુની પીડાનું નિવારણ આ શ્લોકથી થાય છે. નવમો શ્લોક વૈડૂર્યરત્ન રૂપ છે. કેતુ કલેશ નિવારક મણિ અને મંત્ર છે.

આ નવ શ્લોક નવધા ભક્તિનાં નવ અંગ સમાન છે. પરંતુ આ ફલાત્મિકાનાં નવ અંગ છે. નવરત્નનો પાઠ કરવાથી ભગવાનમાં અનન્ય પ્રેમ થાય છે. અને આ અનન્ય પ્રેમ સેવામાં લઇ જાય છે. એ જ ફલાત્મિકા ભક્તિ થઇ.

ચિન્તા કાપિ ન કાર્યા, નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥ ૧ ॥

આત્મનિવેદન કરેલ ભગવદીય જનોએ એ પ્રકારે ક્યારે પણ અને કશી પણ ચિંતા ન કરવી. ભગવાન ખૂબ જ દયાળું છે. તેથી ભગવદીય જનોની લૌકિક દશા કરશે નહિ. (૧)

નિવેદન તુ સ્મર્તવ્યં, સર્વથા તાદ્દશૈર્જનેઃ ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા, નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૨ ॥

ભગવદીય જનોની સાથે નિવેદન તો સર્વ પ્રકારે સ્મરવું જ. સર્વના નિયન્તા અને સર્વના આત્મા પોતાની ઇચ્છા પ્રમાણે કરશે. (૨)

સર્વેષાં પ્રભુસમ્બન્ધો, ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।
અતોન્ય વિનિયોગેપિ ચિંતા કા સ્વસ્ય સોપિ ચેત્ ॥ ૩ ॥

સર્વનો ભગવાન સાથે સંબંધ છે. મુખ્યને એકને જ સંબંધ છે એવું નથી. એ પ્રકારની મર્યાદા છે. એથી અન્ય વિનિયોગમાં પણ ચિંતા શી ? (૩)

અજ્ઞાનાદથવા જ્ઞાનાત્, કૃતમાત્મનિવેદનમ્ ।
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈ - સ્તેષાં કા પરિદેવના ॥ ૪ ॥

અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેમણે આત્મનિવેદન કર્યું છે, તેને ચિંતા કરવાની નથી; તો જેમણે પોતાના પ્રાણ શ્રીકૃષ્ણને સોંપ્યા છે, તેમને તો ચિંતા શાની હોય જ ? (૪)

તથા નિવેદને ચિન્તા, ત્યાજ્યા શ્રીપુરૂષોત્તમે ।
વિનિયોગેપિ સા ત્યાજ્યા, સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥ ૫ ॥

તેવી રીતે શ્રીપુરુષોત્તમમાં કરેલા નિવેદન બાબતની ચિંતા ન કરવી તેમજ અન્ય વિનિયોગમાં પણ ચિંતા ન કરવી. કારણ કે શ્રીકૃષ્ણ ભગવાન સ્વયં સમર્થ છે. (૫)

લોકે સ્વાસ્થ્યં તથા વેદે, હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્, સાક્ષિણો ભવતાખિલાઃ ॥ ૬ ॥

શ્રીહરિ તો ભક્તના લોકમાર્ગમાં અને વૈદિક માર્ગમાં સ્થિરતા નહિ થવા દે. કારણ કે ભગવાન કૃપામાર્ગમાં રહેલા છે. માટે સર્વ આ વિષયમાં સાક્ષીરૂપ બનો. (ભગવાન કરે તો જોયા કરો) (૬)

સેવાકૃતિર્ગુરોરાજ્ઞા, બાધનં વા હરીચ્છયા ।
અતઃ સેવાપરં ચિત્તં, વિધાય સ્થીયતાં સુખમ્ ॥ ૭ ॥

ગુરુની આજ્ઞાનુસાર ભગવત્સેવા કરવી. પરંતુ પ્રસંગવશ ભગવદ્ ઇચ્છાથી ગુરુની આજ્ઞાનો બાધ પણ થઇ શકે. માટે સેવામાં ચિત્ત પરોવીને નિશ્ચિત બનીને રહેવું. (૭)

ચિત્તોદ્વેગં વિધાયાપિ, હરિર્યદ્યત્ કરિષ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ, મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ ॥ ૮ ॥

ચિત્તને ઉદ્વેગ કરીને પણ શ્રીહરિ જે જે કરશે તે તેની લીલા છે. એમ માનીને જલદી ચિંતાનો ત્યાગ કરવો. (૮)

તસ્માત્ સર્વાત્માના નિત્યં, શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ ભિરેવ સતતં, સ્થૈયમિત્યેવ મે મતિઃ ॥ ૯ ॥

તેથી નિરંતર સર્વાત્માભાવે 'શ્રીકૃષ્ણ શરણં મમ' એ અષ્ટાક્ષર મંત્રના અનુસંધાનમાં – ઉચ્ચારણમાં જ રહેવું, એવી જ મારી સંમતિ છે. (૯)

**॥ ઇતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં નવરત્નં સંપૂર્ણમ્ ॥**

# સિદ્ધાન્ત રહસ્યમ્

આ 'સિદ્ધાન્ત–રહસ્યમ્' – ગ્રંથમાં કરેલા બ્રહ્મ સંબંધ–રૂપ સમર્પણ તેનું ફલ તેની ઉત્તમતા–આવશ્યકતા, એ કોઇ કહેલાં નિવેદનનો અનુવાદ નથી, પરંતુ ભગવાને પ્રકટ થઇને સાક્ષાત્ કહેલું આ સમર્પણ છે. આ ગ્રંથના શ્લોક–રૂપ વાક્યો પણ ભગવાને જ કહેલાં છે. 'પંચાક્ષર મંત્ર' અને તેના વિવરણ–રૂપે 'ગદ્યમંત્ર' અતિગુપ્ત હોવાથી પ્રકટ કર્યા નથી. શ્રીગુંસાઇજીને સ્વ પિતૃ–શ્રાદ્ધની દક્ષિણા રૂપે આ ગ્રંથનો દોઢ શ્લોક દામોદરદાસ હરસાનીજીએ કહેલો.

સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથ ષોડશગ્રંથમાં પાંચમો ગ્રંથ છે. આ ગ્રંથમાં સાડાઆઠ શ્લોકથી બ્રહ્મસંબંધી વિચાર કર્યો છે. સેવામાં પ્રવૃત્ત થનારની પવિત્રતા, નિર્દોષતા, તપ કરી શુદ્ધ થવું કે તીર્થાદિ કરી શુદ્ધ થવું આવા અનેક પ્રશ્નો શ્રીમહાપ્રભુજીને થતા. એટલે શ્રીમહાપ્રભુજીએ આ મુંઝવણ ટાળવા માટે જ સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે.

કૃપાનિધિ ભગવાને આચાર્યશ્રીની આ વ્યથા ટાળવા માટે શ્રીયમુનાજીના તટે ઠકુરાણી ઘાટ ઉપર શ્રાવણ માસના શુક્લપક્ષની એકાદશીની મધ્ય રાત્રિએ આજ્ઞા કરી કે આપ ચિંતા ન કરો; પરંતુ જીવોને બ્રહ્મસંબંધ કરાવો તેથી સર્વદોષોની નિવૃત્તિ થશે.

વિ.સં. ૧૫૪૯ના શ્રાવણ શુક્લ–૧૧ની મધ્યરાત્રિએ ગોકુલ મુકામે શ્રીગોપીજન વલ્લભે સાક્ષાત્ પ્રકટ થઇને જીવોના ઉદ્ધાર માટે ગ્રંથોક્ત ભાવના સાથે ગદ્યમંત્ર સામર્થ્યનું પ્રદાન પ્રભુ કરે છે. તેમ દર્શાવતા શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથની રચના કરી છે. આ સમયે શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીના અલૌકિકથી પ્રભાવિત થઇ 'મધુરાષ્ટકમ્'ની રચના કરી છે. ખરેખર આ મધુરાષ્ટકનો પાઠ કરે તેનું જીવન અને સ્વભાવ બન્ને મધુર બની જાય છે.

શ્રીમહાપ્રભુજીએ આ દર્શન કર્યા પછી બાજુમાં સુતેલા દામોદરદાસ હરસાનીને પૂછ્યું 'દમલા તેં કાંઇ સાંભળ્યું ?' દામોદરદાસે સદૈન્ય નિવેદન કર્યું. 'સ્વામી સાંભળ્યું તો ખરું પણ સમજાયું નહિં.'

બીજે દિવસે પ્રાતઃકાલે શ્રીમહાપ્રભુજીએ પ્રથમ બ્રહ્મસંબંધ શ્રીદામોદરદાસ હરસાનીને કરાવી શ્રી ઠાકોરજીએ પ્રકટ કર્યું હતું તે બધું ગૂઢ રહસ્ય આ ગ્રંથ મારફતે અક્ષરશઃ દામોદરદાસ હરસાનીજીને સમજાવ્યું. આ પવિત્ર દિવસ શ્રાવણ સુદ–૧૨ 'પુષ્ટિમાર્ગ પ્રાકટ્યદિન' કહી શકાય. આ દિક્ષા કેવળ 'શ્રીવલ્લભકુળના' બાળકો જ આપી શકે છે.

સિદ્ધાંત રહસ્યમાં બ્રહ્મસંબંધ લઇ સર્વદોષ રહિત બની ભગવત અભિમુખતા ધારણ કરી રાખવી અને ત્યારબાદ સેવા–સ્મરણ, સત્સંગ વગેરેનું સેવન કરી ભાગવત્ સમર્પિત જીવન જીવવું તેનો બોધ અપાયો છે. શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથ પશ્ચિમ પંજાબના વાસી ગોપાલદાસ ક્ષત્રિયને સમજાવ્યો હતો.

> શ્રાવણસ્યામલે પક્ષે, એકાદશ્યાં મહાનિશિ ।
> સાક્ષાદ્ ભગવતા પ્રોકતં, તદક્ષરશ ઉચ્ચતે ॥ ૧ ॥

શ્રાવણ માસના શુક્લ પક્ષની એકાદશીની મધ્ય રાતે પ્રકટ થઇને ભગવાને જે સાક્ષાત્ કહ્યું, તે અક્ષરે અક્ષર કહીશ. (૧)

> બ્રહ્મસંબંધકરણાત્, સર્વેષાં દેહજીવયોઃ ।
> સર્વદોષનિવૃત્તિર્હિ, દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ॥ ૨ ॥

બ્રહ્મસંબંધ કરવાથી સમગ્ર દેહ અને જીવાત્માના સર્વદોષોની નિવૃત્તિ થાય છે, તે નિશ્ચિત છે તે દોષો પાંચ પ્રકારના સાંભળ્યા છે. (૨)

સહજા દેશકાલોત્થા, લોકવેદનિરૂપિતાઃ ।
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ, ન મન્તવ્યાઃ કથંચન ॥ ૩ ॥

લોકમાં અને વેદમાં નિરૂપણ કરેલા એવા સહજ, દેશજ, કાલજ, સંયોગજ અને સ્પર્શજ એવા પાંચ પ્રકારના દોષો કોઇપણ રીતે માનવા જોઇએ નહિ. (૩)

અન્યથા સર્વદોષાણાં, ન નિવૃત્તિઃ કંથચન ।
અસમર્પિતવસ્તૂનાં, તસ્માદ્ વર્જનમાચરેત્ ॥ ૪ ॥

બ્રહ્મસંબંધ કર્યા વિના અન્ય પ્રકારથી સર્વ દોષોની કોઇપણ રીતે નિવૃત્તિ થતી નથી તેથી અસમર્પિત વસ્તુઓનો–ભગવાનને સમર્પણ ન કરેલી વસ્તુઓનો ત્યાગ કરવો. (૪)

નિવેદિભિઃ સમર્પ્યૈવ, સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ ।
ન મતં દેવદેવસ્ય, સામિભુકતસમર્પણમ્ ॥ ૫ ॥ઃ

બ્રહ્મસંબંધ લીધેલા ભગવદીયજનોએ સમર્પણ કરીને જ સર્વ કાર્યો કરવાં જોઇએ. દેવાધિદેવ શ્રીકૃષ્ણ ભગવાનને અડધી વાપરેલી વસ્તુઓનું સમર્પણ કદીએ કરવું નહિ. (૫)

તસ્માદાદૌ સર્વકાર્યે, સર્વવસ્તુસમર્પણમ્ ।
દત્તાપહારવચનં, તથા ચ સકલં હરેઃ ॥ ૬ ॥
ન ગ્રાહ્યમિતિ વાકયં હિ, ભિન્નમાર્ગપરં મતમ્ ॥ ૬૧/૨ ॥

(સમર્પણ કરેલા છે) તેથી ભક્તે પ્રત્યેક કાર્યમાં પ્રથમ પ્રભુને સર્વ વસ્તુનું સમર્પણ કરવું. તેમજ હરિને આપેલી વસ્તુ પ્રસાદી તરીકે ન લેવાય એવું જ ‘વચન’ છે તે તથા શ્રીહરિનું સર્વ છે તેથી ગ્રહણ કરવા યોગ્ય નથી એવું ‘વચન’ તે અન્ય માર્ગનો મત છે. પુષ્ટિમાર્ગનું મંતવ્ય નથી. (૬)

સેવકાનાં યથા લોકે, વ્યવહારઃ પ્રસિદ્ધયતિ ॥ ૭ ॥
તથા કાર્યં સમર્પ્યૈવ, સર્વેષાં બ્રહ્મતા તતઃ ॥ ૭૧/૨ ॥

જેવી રીતે લોકમાં સેવકજનનો પોતાના સ્વામી પ્રત્યેનો વ્યવહાર સિદ્ધ થાય છે, તેવી જ રીતે પ્રભુને સર્વ સમર્પણ કરીને જ સર્વ કાર્ય કરવું તેથી સર્વ વસ્તુઓનું પણ બ્રહ્મપણું સિદ્ધ થાય. (બ્રહ્મપણું એટલે વસ્તુઓનું નિર્દોષપણું થાય.) (૭)

ગંગાત્વં સર્વદોષાણાં, ગુણાદોષાદિવર્ણના ॥ ૮ ॥
ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્, તદ્વદત્રાપિચૈવ હિ ॥ ૮૧/૨ ॥

ગંગાજીમાં મળેલા અશુદ્ધ જલાદિના દોષો ગંગાજી રૂપ થઇ જાય છે અને જલના ગુણદોષનું વર્ણન ગંગાજીના રૂપથી જ થાય છે તે જ રીતે બ્રહ્મસંબંધ થતાં જીવના ગુણદોષનું વર્ણન રહેતું નથી, પરંતુ તેની બ્રહ્મતા એટલે નિર્દોષપણું તેમજ સમત્વ સિદ્ધ થાય છે. (૮)

**॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિતં સિદ્ધાન્તરહસ્યં સંપૂર્ણમ્ ॥**

# મધુરાષ્ટકમ્

અધરં મધુરં વદનં મધુરં, નયનં મધુરં હસિતં મધુરમ્ ।
હૃદયં મધુરં ગમનં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્ ।। ૧ ।।

તેમના ઓષ્ઠ મધુર છે, મુખ મધુર છે, નયન મધુર છે, હાસ્ય મધુર છે, હૃદય મધુર છે, ગતિ મધુર છે. શ્રીમધુરાધિપતિનું સર્વ મધુર છે. (૧)

વચનં મધુરં ચરિતં મધુરં, વસનં મધુરં વલિતં મધુરમ્ ।
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્ ।। ૨ ।।

તેમનું બોલવું મધુર છે, ચરિત્ર મધુર છે, વસ્ત્ર મધુર છે, અંગભંગી મધુર છે, ચાલ મધુર છે, ભ્રમણ મધુર છે, મધુરાધિપતિનું સર્વ મધુર છે. (૨)

વેણુર્મધુરો રેણુર્મધુરઃ, પાણિર્મધુરઃ પાદૌ મધુરૌ ।
નૃત્યં મધુરં સખ્યં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્ ।। ૩ ।।

તેમની વેણુ મધુર છે, ચરણરજ મધુર છે, હાથ મધુર છે, પગ મધુર છે, નૃત્ય મધુર છે, સખ્ય મધુર છે, મધુરાધિપતિનું સર્વ મધુર છે. (૩)

ગીતં મધુરં પીતં મધુરં, ભુક્તં મધુરં સુપ્તં મધુરમ્ ।
રૂપં મધુરં તિલકં મધુરં, મધુરાધિપતિ રખિલં મધુરમ્ ।। ૪ ।।

તેમનું ગાન મધુર છે, પાન મધુર છે, ભોજન મધુર છે, શયન મધુર છે, રૂપ મધુર છે, તિલક મધુર છે, મધુરાધિપતિનું સર્વ મધુર છે. (૪)

કરણં મધુરં તરણં મધુરં, હરણં મધુરં રમણં મધુરમ્ ।
વમિતં મધુરં શમિતં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્ ।। ૫ ।।

તેમનું કાર્ય મધુર છે, તરવું મધુર છે, હરવું મધુર છે, ફરવું મધુર છે, ઉદ્‌ગાર મધુર છે, શાંતિ મધુર છે, મધુરાધિપતિનું સર્વ મધુર છે. (૫)

ગુંજા મધુરા માલા મધુરા, યમુના મધુરા વીચી મધુરા ।
સલિલં મધુરં કમલં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્ ।। ૬ ।।

તેમની ગુંજા મધુર છે, માળા મધુર છે, યમુના મધુર છે, તેના (યમુનાના) તરંગો મધુર છે, પાણી મધુર છે, કમળ મધુર છે, મધુરાધિપતિનું સર્વ મધુર છે. (૬)

ગોપી મધુરા લીલા મધુરા, યુક્તં મધુરં મુક્તં મધુરમ્ ।
દ્દષ્ટં મધુરં શિષ્ટં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્ ।। ૭ ।।

ગોપીઓ મધુર છે, એમની લીલા મધુર છે, સંયોગ મધુર છે, મુક્તિ મધુર છે, નિરીક્ષણ મધુર છે, શિષ્ટાચાર મધુર છે, મધુરાધિપતિનું સર્વ મધુર છે.

ગોપા મધુરા ગાવો મધુરા, યષ્ટિર્મધુરા સૃષ્ટિર્મધુરા ।
દલિતં મધુરં ફલિતં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્ ।। ૮ ।।

ગોવાળ મધુર છે, ગાયો મધુર છે, યષ્ટિ મધુર છે, સૃષ્ટિ મધુર છે, દલન મધુર છે, ફળ મધુર છે, મધુરાધિપતિનું સર્વ મધુર છે. (૮)

**।। ઈતિ શ્રી વલ્લભાચાર્યા વિરચિતા 'શ્રીમધુરાષ્ટકમ્' સમાપ્તમ્ ।।**

# શ્રી મહાપ્રભુજી

આજથી ૫૨૮ વર્ષ પહેલા ભારતમાં મુસ્લિમ રાજ્ય હતું. દેશની પ્રજાને સાચુ માર્ગદર્શન આપવાવાળુ કોઇ નહોતુ એવા સમયે સંવત ૧૫૩૫ના ચૈત્ર માસની એકાદશીને રવિવારના મધ્ય રાત્રિએ ચંપારણ્યના ગાઢ વનમાં અગ્નિકુંડમાં શ્રી વલ્લભ પ્રકટ થયા.

શ્રી વલ્લભના પૂર્વજ યજ્ઞનારાયણ ભટ્ટ ખુબ જ વિદ્વાન તૈલંગ બ્રાહ્મણ હતા. તેઓ સાક્ષાત્ વેદમૂર્તિ હતા. તેમણે ૩૨ સોમયજ્ઞ કર્યા હતા. છેલ્લા યજ્ઞની સમાપ્તિ પ્રસંગે સાક્ષાત્ મુરલીધર પ્રભુએ પ્રકટ થઇ વરદાન આપ્યું કે તમારા વંશમાં સો સોમયજ્ઞ પૂરા થશે ત્યારે હું તમારે ત્યાં પ્રકટ થઇશ. તેમના પુત્ર ગંગાધર ભટ્ટે ૨૮ સોમયજ્ઞ કર્યા. એમના પુત્ર ગણપતિ ભટ્ટે ૩૦ સોમયજ્ઞ કર્યા. તેમના પુત્ર વલ્લભ ભટ્ટે ૫ સોમયજ્ઞ કર્યા. હવે પાંચમી પેઢીએ લક્ષ્મણ ભટ્ટે બાકીના ૫ યજ્ઞ પૂર્ણ કરતા આકાશવાણી થઇ અને એમના ઘરે પૂર્ણ પુરૂષોત્તમનાં પ્રાગટ્યની વધામણી આપી. પ્રભુએ એમને સ્વપ્નમાં દર્શન આપી કેસરી ઉપરણો, પાનનું બીડુ અને તુલસીમાળા આપીને આજ્ઞા કરીકે હું તમારે ત્યાં પ્રકટ થાઉં ત્યારે ઉપરણો મને ઓઢાડજો ને તુલસીમાળા ગળામાં પહેરાવી મુખમાં પાનનું બીડુ આપજો.

શ્રી લક્ષ્મણ ભટ્ટજી પોતાની સગર્ભા પત્ની સાથે નીકળ્યા. યાત્રા કરી પરત ફરતા મધ્યપ્રદેશમાં ચંપારણ્ય વનમાંથી પસાર થતા હતા ત્યારે ઇલ્લમાગારુજીને પ્રસવવેદના ઉપડી. અધૂરા માસે બાળકનો જન્મ થયો. નિશ્ચેતન બાળકને મૃત ધારી વસ્ત્રમાં લપેટી શમી વૃક્ષની બખોલમાં મૂકી પાંદડાથી ઢાંકી દીધું. દુઃખી હૃદયે પતિ પત્ની આગળ વધ્યા. ચૌડા ગામે મુકામ કર્યો. રાત્રે ભગવાને લક્ષ્મણ ભટ્ટજીને દર્શન આપી પોતે પ્રકટ થયાની જાણ કરી કહ્યું મને સાથે લઇ જાવ. પતિ પત્ની રાતવાળી જગ્યાએ પરત આવ્યાને જુએ છે તો અગ્નિકુંડ વચ્ચે એક દિવ્ય બાળક ખિલખિલાટ હસતુ પોતાના જમણા પગનો અંગુઠો મોમાં રાખી ચૂસ્તું હતું. સુંદર મેઘશ્યામ બાળક હતુ. જાણે બીજા બાલકૃષ્ણ. આમ વલ્લભ દિવ્ય રીતે વિ.સં. ૧૫૩૫ ચૈત્ર વદ એકાદશીએ પ્રકટ થયા. લક્ષ્મણ ભટ્ટજીએ બાળકની છઠ્ઠીનો વિધી કરી તેનું નામ 'વલ્લભ' રાખ્યું. વલ્લભ એટલે વહાલા.

શ્રી વલ્લભના પ્રાગટ્ય સમયે બીજી એક અલૌકિક ઘટના બની. તેજ દિવસે વ્રજમાં શ્રી ગિરિરાજજી ઉપર શ્રી ગોવર્ધનનાથજીનું પ્રાગટ્ય થયું.

હવે લક્ષ્મણ ભટ્ટજી શ્રી વલ્લભને પત્ની સાથે કાશી આવ્યા. બાળ વલ્લભ નાનપણથી જ ગાય, શ્રી કૃષ્ણ પ્રભુની મૂર્તિ પુસ્તકથી ખેલતા. એમની તેજસ્વીતા તથા બોલવાની છટા જોઇ વિદ્વાનો એમને બાલ સરસ્વતી અને વાકપતિ કહેતા. બાળ વલ્લભ રાજા રાજાની નહી પરંતુ ગુરૂ શિષ્યની રમત રમતા. જ્યારે પિતાએ ઢાઢી સગુણ સાથે રમવાની ના પાડી ત્યારે પિતાને જણાવ્યું કે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે બધા માણસો ભગવાનના અંશ છે માટે તેમનામાં ભેદ કરવા નહીં. સ્ત્રીઓ, શુદ્રને પણ ભક્તિનો અધિકાર છે. સગુણદાસમાં પણ ભગવાનનો અંશ છે ત્યારે પિતાએ પોતાની હાર માનતા વલ્લભની વાત કબૂલ રાખી.

પાંચ વર્ષની ઉંમરમાં જ વલ્લભે ઘણુ જ્ઞાન સંપાદિત કરી લીધુ હતું. આઠ વર્ષની વયે શ્રી વલ્લભનાં યજ્ઞોપવિત સંસ્કાર થયા અને શ્રી વલ્લભે જોતજોતામાં ગુરૂશ્રી વિષ્ણુચિત પાસે ચાર વેદ શીખી લીધા. પછી માધવેન્દ્રયતિ પાસે ગીતા, ભાગવત, બ્રહ્મસૂત્ર વિગેરેનો અભ્યાસ કર્યો. દસ વર્ષની વયમાં તેઓએ ચાર વેદ, ઉપનિષદ, અઢાર પુરાણો, છ શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કર્યો.

બાળ વલ્લભે કાશીમાં વિશ્વનાથજીના મંદિર બહાર ત્રીસ દિવસ સુધી રોજ એક પત્ર લખી 'પત્રાવલંબન ગ્રંથ'ની રચના કરી માયાવાદી પંડિતોને હરાવી ભક્તિસિધ્ધાંતનું સ્થાપન કર્યું.

બાળ વલ્લભની ૧૦ વર્ષની વયે પિતા લક્ષ્મણ ભટ્ટજીનું ગોલોકગમન થયું. અગિયાર વર્ષની વયે શ્રીવલ્લભ

માતાની આજ્ઞા લઇ પિતાના ચાર સેવકો સાથે ભારત યાત્રા કરવા નીકળ્યા. તેમણે જીવનભર ખુલ્લા પગે ફરવાનો, સીવેલા વસ્ત્રો ધારણ નહીં કરવાનો અને ઝાડ નીચે મુકામ કરવાનો નિયમ લીધો. તેઓ પોતાના શ્રી ઠાકોરજીને સાથે રાખી સેવા કરતા.

પ્રાકટ્ય સ્થાન ચંપારણ્યમાં સૌ પ્રથમ ભાગવત પારાયણ કર્યું. ત્યારબાદ વર્ધા પધારી દામોદરદાસ હરસાનીને સાથે લીધા. ત્યાંથી મોસાળ પધાર્યા. અહીં પુલ્પંદત નામનાં વિદ્વાન સાથે ચર્ચામાં પ્રભુ શ્રીકૃષ્ણમાં જ સર્વ દેવોનો વાસ છે માટે તેમની જ સેવા કરવી જોઇએ એ સિધ્ધ કર્યું.

વિદ્યાનગરના રાજા કૃષ્ણદેવરાયની ધર્મસભામાં શાસ્ત્રાર્થમાં માયાવાદીઓને હરાવી ‘શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ’નું સ્થાપન કર્યું. રાજા સહકુટુંબ શ્રી વલ્લભના સેવક થયા અને શ્રી વલ્લભનો કનકાભિષેક કરી આચાર્યની પદવીથી સન્માનિત કર્યા. આમ હવે તેઓ શ્રી વલ્લભાચાર્યજી નામે ઓળખાતા. સાત સોના મહોરમાંથી શ્રીજીનાં નુપુર ઘડાવી બાકીનું સોનું દાન કરી દીધું.

આગળ વધતા તેઓ પાલમકોટ આવ્યા. અહીંના રાજાનાં રોગનિવારણ અર્થે કાળપુરૂષને જીતીને રાજાને સાજો કર્યો. સુવર્ણનાં કાળપુરૂષનું દાન સ્વીકારી સોનું બ્રાહ્મણોમાં દાન કરી દીધું.

યાત્રા કરતા કરતા શ્રીવલ્લભ પંઢરપુર પધાર્યા ત્યારે શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુએ શ્રીવલ્લભને પોતે તેમના ત્યાં પુત્રરૂપે પ્રગટ થવા ઇચ્છે છે જણાવી લગ્ન કરવાની આજ્ઞા કરી. શ્રીવલ્લભ હવે જગન્નાથપુરી પધાર્યા. અહીંના રાજાએ મુખ્ય દેવ, મુખ્ય શાસ્ત્ર, મુખ્ય મંત્ર અને મુખ્ય કર્મ નક્કી કરવા ધર્મસભા રાખી હતી. શ્રીવલ્લભે જણાવ્યું મુખ્ય દેવ શ્રીકૃષ્ણ, મુખ્ય શાસ્ત્ર ગીતા, મુખ્ય મંત્ર શ્રીકૃષ્ણનું નામ અને મુખ્ય કર્મ શ્રીકૃષ્ણની સેવા. આ વાતની પુષ્ટિ કરવા શ્રીજગન્નાથજી પાસે કાગળ કલમ મૂકાતા તેમણે લેખિતમાં શ્રીવલ્લભની વાતની પુષ્ટિ કરી.

અહીંથી આપ ઉજ્જૈન પધાર્યા. અહીં સાંદીપની ઋષિના આશ્રમમાં પીપળાના એક પાંદડામાંથી તત્કાળ પૂર્ણ પીપળાનું વૃક્ષ ઉગાડ્યું. માયાવાદી, અન્ય મતાતંર વાદીઓને પરાજિત કર્યા. એક સાથે અનેક મુખ ધારણ કરી સહું ને જવાબ આપ્યા.

અહીંથી આપે ઓડછા પધારી ત્યાના રાજા રામભદ્રદેવની સભામાં તાંત્રિક ઘટ સરસ્વતીને હરાવી વેદમાર્ગનું પ્રતિપાદન કર્યું. રાજાએ શ્રી વલ્લભનો કનકાભિષેક કર્યો. રાજાએ શ્રી વલ્લભને ગુરૂની પદવીથી વિભુષિત કરી સહકુટુંબ આપને શરણે આવ્યા.

સંવત ૧૫૪૯ શ્રાવણ સુદ ત્રીજના શ્રીવલ્લભ ગોકુળ પધાર્યા. શ્રીયમુનાજીએ સાક્ષાત્ પ્રગટ થઇ દર્શન આપી લુપ્ત ઘાટનાં દર્શન કરાવ્યા. શ્રીવલ્લભે શ્રીયમુનાજીની સ્તુતિ કરતા શ્રીયમુનાષ્ટકમની રચના કરી.

ગોકુળમાં આપે ઠકરાણી ઘાટ ઉપર એક સપ્તાહ શ્રીભાગવત પારાયણ કર્યું. શ્રાવણ સુદ અગિયારસના દૈવી જીવોના ઉદ્ધારનું ચિંતન કરતા હતા ત્યારે શ્રીઠાકોરજીએ ત્યાં સાક્ષાત્ પ્રકટ થઇ બ્રહ્મસંબંધનો મંત્ર આપી આપને આજ્ઞા કરી કે જે જીવોને આપ બ્રહ્મસંબંધ દ્વારા મારા શરણમાં લાવશો તેમના સઘળા દોષ દૂર થશે હું તેમનો સ્વીકાર કરીશ. શ્રીવલ્લભે પ્રભુની સ્તુતિ કરતા મધુરાષ્ટકમની રચના કરી. પ્રભુને મિસરીજી આરોગાવી પવિત્રા ધરાવ્યા. બીજે દિવસે દામોદરદાસ હરસાનીને શ્રીવલ્લભે સર્વ પ્રથમ બ્રહ્મસંબંધ દીક્ષા આપી અને પ્રભુ આજ્ઞા સમજાવતા સિધ્ધાંત રહસ્ય ગ્રંથની રચના કરી. શ્રીવલ્લભની પ્રથમ ભારત યાજ્ઞા નવ વર્ષમાં પૂર્ણ થઇ.

શ્રીવલ્લભ બીજી યાત્રા પર નીકળ્યા ત્યારે ઝારખંડમાં શ્રીનાથજીએ એમને દર્શન આપી પોતાના પ્રાકટ્યની જાણ કરી જલ્દી શ્રીગિરિરાજ પધારવા આજ્ઞા કરી. અહીં શ્રીવલ્લભ અને શ્રીઠાકોરજીનું પ્રથમ મિલન થયું. પ્રભુ આજ્ઞા મુજબ શ્રીવલ્લભે શ્રીગોવર્ધનનાથજીને બહાર પધરાવી એમનું મંદિર બનાવી સેવાક્રમ શરૂ કર્યો. થોડા સમય બાદ પ્રભુની ઇચ્છા જાણી મોટું મંદિર બનાવડાવી શ્રીનાથજીને નવા મંદિરમાં પધરાવી સેવાક્રમ શરૂ કર્યો.

બહુલાવનમાં આપે પથ્થરની ગાયને ઘાસ ખાતી કરી મુસલમાન અમલદારને પરાજિત કર્યો.

શ્રીવલ્લભનો શ્રીકૃષ્ણ ચૈતન્ય સાથે મેળાપ થયો ત્યારે આપે જણાવ્યું કે કલિયુગમાં ગાયના શિંગડા ઉપર રાઇનો દાણો રહે એટલી પળ પણ પ્રભુ નામ લેવાનું ચૂકી જવાથી કલિયુગ આપણને ગળી જાય છે. બીજી યાત્રા દરમિયાન આપ ફરી પંઢરપુર પધાર્યા ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીએ ફરી આજ્ઞા કરતા આપે કાશી પધારી મધુ મંગળની પુત્રી મહાલક્ષ્મી સાથે લગ્ન કર્યા.

આપની બીજી ભારત યાત્રા પાંચ વર્ષ પૂર્ણ થઇ. લગ્ન બાદ થોડા સમય પછી આપી ત્રીજી ભારત યાત્રા શરૂ કરી. દ્વારિકામાં આપે રૂક્ષ્મણીજીએ સેવા કરી હતી તે સ્વરૂપને પ્રગટ કરી સેવાક્રમ ચાલુ કરાવ્યો. શંખોદ્ધારમાં કથા દરમિયાન વરસાદ શરૂ થતાં આપશ્રીએ હસ્ત ઊંચો કરી દ્રષ્ટિથી જ મેઘને વાળ્યો. આપશ્રીએ ત્રીજી ભારત યાત્રા ચાર વર્ષમાં પૂર્ણ કરી. આમ સતત અઢાર વર્ષ સુધી આપે ભારત ભ્રમણ કરી પોતાના સિધ્ધાંતોનો પ્રચાર કર્યો. અનેક જીવોને શરણે લીધાં.

હવે આપશ્રીએ અડેલમાં સ્થાયી વસવાટ કર્યો. અહીં વિ.સ. ૧૫૬૭ના ભાદરવા વદ બારસના પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય થયું. શ્રીગોપીનાથજીને સમસ્ત શ્રીમદ્ ભાગવતનો પાઠ કરી ભોજન ગ્રહણ કરવાનો નિયમ હોવાથી આપે સમસ્ત શ્રીમદ્ ભાગવતને આવરી લેતા શ્રીપુરૂષોત્તમ સહસ્ત્રનામની રચના કરી.

વિ.સં. ૧૫૭૨ માગશર વદ નોમના દિવસે બીજા પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાગટ્ય થયું. આજ સમયે એક બ્રાહ્મણે શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ ભેટ ધર્યું. ત્યારે આપે કહ્યું આજે શ્રીવિઠ્ઠલનાથજી ભક્ત અને ભગવાન બંને સ્વરૂપે મારા ત્યાં પધાર્યા છે. આપશ્રીનાં આ બીજા પુત્ર શ્રીગુંસાઇજી તરીકે પ્રસિધ્ધ થયા. એમણે પોતાના સમયમાં સંપ્રદાયને સુવ્યવસ્થિત કરી સંપ્રદાયનો ખૂબ વિકાસ કર્યો.

શ્રીવલ્લભે ઘણા ગ્રંથોની રચના કરી. એમાં મુખ્ય અણુભાષ્ય, પૂર્વ મીમાંસા ભાષ્ય, તત્વાર્થદીપ નિબંધ, શ્રીસુબોધિનીજી, ષોડષગ્રંથો વિગેરે છે. આ બધા ગ્રંથો સંસ્કૃતમાં છે તેના ગુજરાતી અનુવાદ થયા છે. શ્રીવલ્લભ જયારે મધુવનમાં શ્રી માધવ ભટ્ટ કાશ્મીરી પાસે શ્રીમદ્ ભાગવત ઉપર સુબોધિનીજી લખાવતા હતા ત્યારે આપને નિત્યલીલામાં પધારવાની પ્રથમ આજ્ઞા થઇ. બંગાળમાં ગંગાસાગર ખાતે આપને નિત્યલીલામાં પધારવા બીજી આજ્ઞા થઇ. અડેલમાં શ્રીઠાકોરજીએ ત્રીજી ભગવદ્ આજ્ઞા કરતા જણાવ્યું વલ્લભ, તમે અત્યાર સુધી જે સાહિત્ય રચનાઓ કરી છે તે પૂરતી છે. હવે એક ક્ષણના પણ વિલંબ વિના નિત્યલીલામાં પધારો. આપે ત્રીજી ભગવદ્ આજ્ઞા પછી પોતાના મનને ઠપકો આપતા અંતઃકરણ પ્રબોધ ગ્રંથની રચના કરી.

પ્રભુ આજ્ઞા માથે ચડાવી શ્રીવલ્લભ સન્યાસ લઇ કાશી પધાર્યા. વિ.સ. ૧૫૮૭ વૈશાખ વદ ૮. અહીં આપશ્રી હનુમાન ઘાટ ઉપર ૪૦ દિવસ બિરાજ્યા. બાવન વર્ષની વયે સંવત ૧૫૮૭નાં અષાઢ સુદ બીજના દિવસે બંને બાળકોને અંતિમ ઉપદેશ આપ્યો કે તમે હંમેશા શ્રીકૃષ્ણ પ્રભુના થઇને રહેજો. એમનાંમાં નિસ્વાર્થ પ્રેમ રાખી સદા પ્રભુની સેવા સ્મરણ કરજો. આ સમયે પ્રભુ શ્રી ગોવર્ધનનાથજીએ શ્રી વલ્લભની વાતની પુષ્ટિ કરતા જણાવ્યું કે તમે મારામાં દ્રઢ વિશ્વાસ રાખશો તો ચિંતા કરવાની જરૂર નથી.

આ ઉપદેશ બાદ શ્રી વલ્લભ બપોરના સમયે ગંગાજીની મધ્યધારામાં પ્રવેશ્યા અને પ્રભુનું ધ્યાન ધરી ઉભા રહ્યા. સહુના આશ્ચર્ય વચ્ચે એક પ્રચંડ જયોર્તિપુંજ શ્રી વલ્લભની ચારે તરફ છવાઇ ગયો અને ધીમે ધીમે ગગનમાં અદ્રશ્ય થઇ ગયો. આ રીતે શ્રી વલ્લભ સદેહે સ્વધામ પધાર્યા.

શ્રીવલ્લભે પોતાની ભારત યાત્રા દરમિયાન જયાં જયાં વેદ-ભાગવતના પારાયણ કર્યા તે તે સ્થળો એમની બેઠકો તરીકે ઓળખાયા છે. બેઠકજીની કુલ સંખ્યા ૮૪ છે. ત્યાં આજે પણ શ્રી વલ્લભ ભાવાત્મક સ્વરૂપે બિરાજે છે. શ્રી વલ્લભના સેવકોની કુલ સંખ્યા ૮૪ છે. શ્રી વલ્લભ વૈષ્ણવોનાં આધ્ય ગુરૂ છે. શ્રી વલ્લભની કૃપાથી જ આપણે બ્રહ્મસંબંધની અણમોલ ભેટ મળી છે. શ્રી વલ્લભ પુષ્ટિમાર્ગના સ્થાપક છે. આપશ્રીની

કૃપાથી જ વૈષ્ણવ સેવા કરી શકે છે. આપે સહુને પ્રભુમાં શુદ્ધ સ્નેહ રાખી નિસ્વાર્થપણે પ્રભુની પ્રસન્નતા જળવાય એ રીતે પોતાના ઘરમાં જ શ્રી ઠાકોરજીની સેવા કરવાની આજ્ઞા કરી. પ્રભુની કૃપા મેળવાનો આ એક રસ્તો છે. ભગવાનની કૃપા એટલે પુષ્ટિ અને એથી જ આપણો પુષ્ટિમાર્ગ તરીકે ઓળખાય છે.

તો બાળકો આવા છે આપણા સહુનાં વહાલા પ્રતાપી આચાર્ય શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી.

તો બોલો 'શ્રી વલ્લભાધીશ કી જય'

સવાલોઃ

૧. શ્રીમહાપ્રભુજીનાં પ્રાકટ્યનું નિમિત્ત શું હતું ?

૨. શ્રીમહાપ્રભુજીનાં પ્રાકટ્ય ક્યાં અને ક્યારે થયું હતું ?

૩. શ્રીમહાપ્રભુજીનાં માતાપિતાનું નામ શું હતું ?

૪. શ્રીમહાપ્રભુજીની વિદ્વતા જોઇ નાનપણમાં વિદ્વાનો એમને શું કહેતા ?

૫. શ્રીમહાપ્રભુજીને જનોઇ કેટલા વર્ષે આપવામાં આવી ?

૬. શ્રીમહાપ્રભુજીના ગુરૂનું નામ જણાવો.

૭. શ્રીમહાપ્રભુજીએ પ્રથમ ભારત યાત્રા કેટલા વર્ષની ઉંમરે કરી ?

૮. શ્રીમહાપ્રભુજીએ પ્રથમ ભારત યાત્રા કેટલા વર્ષમાં પૂર્ણ કરી ?

૯. શ્રીમહાપ્રભુજીએ કુલ કેટલી ભારત યાત્રા કરી ?

૧૦. શ્રીમહાપ્રભુજીએ ભારત યાત્રા વખતે કઇ ૩ પ્રતિજ્ઞાઓ લીધી ?

૧૧. શ્રીમહાપ્રભુજીનો પ્રથમ કનકાભિષેક ક્યાં થયો હતો ?

૧૨. શ્રીમહાપ્રભુજીને લગ્ન કરવાની પ્રથમ આજ્ઞા ક્યાં, કોણે કરી ?

૧૩. શ્રીમહાપ્રભુજીએ પત્રાવલંબન ગ્રંથની રચના શા માટે કરી ?

૧૪. શ્રીમહાપ્રભુજીએ યમુનાષ્ટકની રચના ક્યારે, ક્યાં કરી ?

૧૫. શ્રીમહાપ્રભુજીએ મધુરાષ્ટકની રચના ક્યારે, ક્યાં કરી ?

૧૬. શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધની આજ્ઞા ક્યારે થઇ ?

૧૭. શ્રીમહાપ્રભુજીએ પ્રથમ બ્રહ્મસંબંધની આજ્ઞા ક્યારે થઇ ?

૧૮. શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધની આજ્ઞા સમજાવતો ક્યો ગ્રંથ રચ્યો ?

૧૯. શ્રીમહાપ્રભુજીને પોતે પ્રકટ થયાની જાણ શ્રીનાથજીએ ક્યારે કરી ?

૨૦. શ્રીમહાપ્રભુજીની બીજી ભારત યાત્રા કેટલા વર્ષમાં પૂર્ણ થઇ ?

૨૧. શ્રીમહાપ્રભુજીને લગ્ન કરવાની બીજી આજ્ઞા ક્યારે થઇ ?

૨૨. શ્રીમહાપ્રભુજીનાં પત્નીનું નામ શું હતું ?

૨૩. શ્રીમહાપ્રભુજીનાં પુત્રોના નામ જણાવો. તેમનું પ્રાકટ્ય ક્યારે થયું હતું ?

૨૪. શ્રીમહાપ્રભુજીનો બીજો કનકાભિષેક ક્યાં, કેવી રીતે થયો ?

૨૫. શ્રીમહાપ્રભુજીએ કુલ કેટલા ગ્રંથની રચના કરી ?

૨૬. શ્રીમહાપ્રભુજીનાં મુખ્ય બેઠકજીની સંખ્યા જણાવો.

૨૭. શ્રીમહાપ્રભુજીનાં મુખ્ય સેવકોની સંખ્યા જણાવો.

૨૮. શ્રીમહાપ્રભુજીએ આપણને આપેલી અણમોલ ભેટ કઇ ?

૨૯. શ્રીમહાપ્રભુજીએ પુરૂષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્રની રચના શા માટે કરી ?

૩૦. શ્રમહાપ્રભુજીએ કયા માર્ગની સ્થાપના કરી ?

૩૧. શ્રીઠાકોરજીએ બ્રહ્મસંબંધની આજ્ઞા કરતી વખતે શ્રીમહાપ્રભુજીને શું વચન આપ્યું હતું ?

૩૨. શ્રીનાથજીનું પ્રાકટ્ય કયાં, ક્યારે થયું હતું ?

૩૩. શ્રીનાથજીનું બીજું નામ શું છે ?

૩૪. શ્રીમહાપ્રભુજીને નિત્યલીલામાં પધારવાની પ્રથમ આજ્ઞા ક્યારે થઇ ?

૩૫. શ્રીમહાપ્રભુજીને નિત્યલીલામાં પધારવાની અંતિમ આજ્ઞા ક્યારે થઇ ? શ્રીમહાપ્રભુજીએ આ સમયે કયા ગ્રંથની રચના કરી ?

૩૬. શ્રીમહાપ્રભુજીએ સંન્યાસ ક્યારે ગ્રહણ કર્યો ?

૩૭. શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં પધારતા પહેલા આપેલા અંતિમ ઉપદેશને શું કહે છે. એની પૂર્તિ કોણે કરી ?

૩૮. શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં ક્યાં, ક્યારે પધાર્યા ?

૩૯. શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં પધાર્યા એને શું કહેવાય છે ?

૪૦. અસંગતની સામે સર્કલ કરો.

૧. શ્રીમહાપ્રભુજી, શ્રીવલ્લભ, શ્રીવાકપતિ, શ્રીરઘુપતિ
૨. યમુનાષ્ટક, કૃષ્ણાશ્રય, બાલબોધ, અણુભાષ્ય
૩. શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઇજી, શ્રીગિરિધરજી, શ્રીગોપીનાથજી
૪. દેવદમન, ઇન્દ્રદમન, નાગદમન, શ્રીગોપીનાથજી
૫. પુષ્ટિ, કૃપા, અનુગ્રહ, દ્વારિકા

૪૧. જોડણી કરો.

| | |
|---|---|
| શ્રી વલ્લભના પિતા | મહાલક્ષ્મીજી |
| શ્રી વલ્લભના માતા | વિઠ્ઠલનાથજી |
| શ્રીવલ્લભના વહુજી | ગોપીનાથજી |
| મોટા લાલજી | ઇલ્લમાગારૂજી |
| નાના લાલજી | લક્ષ્મણભટ્ટજી |

# અષ્ટસખા

## (શ્રી મહાપ્રભુજીનાં ચાર સખા)



### ૧. શ્રી કુંભનદાસજીઃ

**સખારૂપનું નામઃ** અર્જુન

**સખીરૂપનું નામઃ** વિશાખા

**કીર્તન સમયઃ** રાજભોગ

**કયા સ્વરૂપમાં આસક્તિઃ** શ્રીનાથજી

**શ્રીગિરિરાજજીમાં સ્થાનઃ** જમુનાવતા



### ૨. શ્રી સુરદાસજી

**સખારૂપનું નામઃ** કૃષ્ણ

**સખીરૂપનું નામઃ** ચંપકલતા

**કીર્તન સમયઃ** ઉત્થાપન

**કયા સ્વરૂપમાં આસક્તિઃ** શ્રીમથુરેશજી

**શ્રીગિરિરાજજીમાં સ્થાનઃ** પારાસોલી



### ૩. શ્રીપરમાનંદદાસજીઃ

**સખારૂપનું નામઃ** તોક

**સખીરૂપનું નામઃ** ચંદ્રભાગા

**કીર્તન સમયઃ** મંગળા

**કયા સ્વરૂપમાં આસક્તિઃ** શ્રીનવનિતપ્રિયાજી

**શ્રીગિરિરાજજીમાં સ્થાનઃ** સુરભિકુંડ



### ૪. શ્રી કૃષ્ણદાસજીઃ

**સખારૂપનું નામઃ** ઋષભ

**સખીરૂપનું નામઃ** લલિતા

**કીર્તન સમયઃ** શયન

**કયા સ્વરૂપમાં આસક્તિઃ** શ્રીમદનમોહનજી

**શ્રીગિરિરાજજીમાં સ્થાનઃ** બિલછુકુંડ

# શ્રી વલ્લભની બેઠકજીનું મહાત્મ્ય

મહાપ્રભુ શ્રીવલ્લભનું બીછડેલા દૈવી જીવો ઉદ્ધાર માટે ભૂતલ ઉપર પ્રાગટ્ય થયું, શ્રી અંગ ઉપર ફક્ત ઉપરણા અને ધોતી ધારણ કરીને ભારતની ત્રણ વખત પગે ચાલીને પરિક્રમા કરી. ઠંડી, તાપ કે વરસાદમાં કોઇપણ કાર્યક્રમમાં ફેરફાર કર્યા વગર તળાવ કે સમુદ્રના કાંઠે એ પણ ગામની બહાર પીપળાના કે છોકરના વૃક્ષ નીચે બેસીને શ્રીમદ્ ભગવતનું પારાયણ કરી પોતાની દિવ્ય વાણી દ્વારા, ચરણ રજ દ્વારા સુગંધ દ્વારા અનેક જીવોને પોતાના શરણે લઇ ઉદ્ધાર કર્યો. જયાં જયાં શ્રી વલ્લભે છોકરના વૃક્ષની નીચે બીરાજીને દૈવી જીવો માટે વેદ-પારાયણ કર્યા હતા ત્યાં આજે શ્રી મહાપ્રભુજીના દિવ્ય સ્વરૂપની તાદેશી અનુભૂતિ કરવા ચોતરાજી બનાવવામાં આવ્યા છે. જેને બેઠકજીના નામે આપણે ઓળખીયે છીએ. આવી ભારતભરમાં ૮૪ જગ્યાઓ છે જયાં શ્રી વલ્લભે બીરાજીને પારાયણ કર્યું હતું જેને ૮૪ બેઠકજી કહેવામાં આવે છે. શ્રીમહાપ્રભુજી વેદ-પારાયણ કરવા ઉપરાંત જીવોને બ્રહ્મસંબંધ આપીને પોતાને શરણે લઇ શ્રી ઠાકોરજી સાથેનો સંબંધ કરાવતા અને તે દ્વારા જીવોનો ઉદ્ધાર કર્યો.

બેઠકજીઓમાં આજે ચોતરાજી બીરાજમાન છે જયાં સાક્ષાત્ શ્રીવલ્લભ બીરાજે છે તેવી ભાવના કરવામાં આવે છે. જયાં શ્રી વલ્લભે પારાયણ નથી કર્યું પણ ફક્ત પધાર્યા છે ત્યાં પાદુકાજી સ્વરૂપે શ્રીવલ્લભ વિદ્યમાન છે. વૈષ્ણવો બેઠકજીમાં ચોતરાજીના સ્વરૂપને શૃંગાર ધરીને દુધગર, મિસરી, અનસખડી અને સખડીનો તથા લીલામેવા-સુકામેવાનો ભોગ ધરે છે. ભાવના એમાં એક જ હતી કે શ્રી મહાપ્રભુજી સ્વયં-પાકી હતા. ભોજન પોતે જ સિદ્ધ કરી પ્રભુને ધરીને આરોગતા પણ વૈષ્ણવો દ્વારા ધરેલા મિસરી મેવો અને દુધ સિવાય કશું જ આરોગતા નહોતા. વૈષ્ણવો તેથી આ ભોગ ધરે છે અને શ્રી યમુનાજીના ભાવથી જલની ઝારીજી ભરે છે. જેમાં એક જ ભાવ છે. આપશ્રી ચોતરાજી ઉપર બીરાજી પારાયણ કરી રહ્યા છો અને સેવકો ઝારીજીના જલથી આપની તૃષા દૂર કરવાની સેવા કરે છે અને પછી ચરણ સ્પર્શ કરે છે. આમ બેઠકજીના ક્રમમાં ઝારી ચરણસ્પર્શની સુંદર ભાવના રહેલી છે.

# શ્રીનાથજી

આજે આપણે આપણાં ઇષ્ટદેવ નિકુંજનાયક શ્રીનાથજીની વાત કરીશું. હજારો વર્ષ પૂર્વે વ્રજમાં નંદ યશોદાજીને ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રકટ થયા હતા તે જ નટખટ શ્રીકૃષ્ણ કલિયુગમાં ફરીથી સાડા પાંચસો વર્ષ પહેલા વ્રજમાં શ્રીગિરિરાજજીની કંદરામાંથી શ્રીનાથજી સ્વરૂપે પ્રકટ થયા. ઇ.સ. ૧૪૦૮ (વિ.સં. ૧૪૬૬)ના અષાઢ વદ બીજને રવિવારે શ્રીગિરિરાજજી ઉપર દેવશિખરમાં શ્રીનાથજીની વામ (ડાબી) ઊર્ધ્વ ભૂજાનું પ્રાકટ્ય થયું. આન્યોર ગામના સદુ પાંડેની ધૂમર ગાય નંદરાયજીના ઘરની ગાયોના વંશની હતી. તે નિત્ય જયાં શ્રીનાથજી બિરાજતા હતા. ત્યાં પોતાનું દૂધ સ્ત્રાવી આવતી હતી. આથી વ્રજવાસીઓએ તપાસ કરતા એમને શ્રીનાથજીની વામ ઊર્ધ્વભૂજાનાં દર્શન થયા. આ વાતને લગભગ ૭૦ વર્ષ વીતી ગયા. ઇ.સ. ૧૪૭૮ (વિ.સ. ૧૪૩૫)નાં ચૈત્ર વદ–૧૧ને રવિવારે શ્રીગિરિરાજજીની કંદરામાંથી શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાકટ્ય થયું. સદુ પાંડેને સહુ પ્રથમ દર્શન થયા. આજ દિવસે બીજી અલૌકિક ઘટનારૂપે દક્ષિણ ભારતમાં ચંપારણ્યમાં શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય થયું.

શ્રીનાથજીએ સદું પાંડેને જણાવ્યું કે તેઓ આ પર્વતના દેવતા છે એમનું નામ દેવદમન છે.

એમના બીજા પણ બે નામ છે. નાગદમન, ઇન્દ્રદમન (શ્રીનાથજીનું દેવદમન સ્વરૂપ હાલ નાથદ્વારામાં બિરાજે છે. બીજું નાગદમન સ્વરૂપ વડોદરામાં કારેલીબાગમાં બિરાજે છે અને ત્રીજું ઇન્દ્રદમન સ્વરૂપ ઉજજૈનમાં બિરાજે છે અને આજ્ઞા કરી કે મને પ્રગટ કરવા મારા સ્વરૂપનો જ અંશ આવશે ત્યાં સુધી મારા માટે સવાર સાંજ દૂધ મોકલાવજે.

શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીમહાપ્રભુજી ઇ.સ. ૧૪૯૩ના શ્રાવણ સુદ બારસે વ્રજમાં પધાર્યા. શ્રી મહાપ્રભુજીએ શ્રીગિરિરાજજી ઉપર જવા પ્રયાણ કર્યું. ત્યારે સ્વયં શ્રીનાથજી દોડીને કંદરામાંથી બહાર પધાર્યા અને શ્રીમહાપ્રભુજીને ભેટી પડ્યા. જેને આપણે પ્રથમ મિલન તરીકે ઓળખીએ છીએ. શ્રીગિરિરાજજીની શીલા ઉપર બન્ને પરમતત્વોના ચરણચિન્હો અંકિત થઇ ગયા જેના દર્શન આજે પણ જતીપુરામાં થાય છે.

શ્રીમહાપ્રભુજીએ નાનું મંદિર બનાવી શ્રીનાથજીને પધરાવી અને રામદાસને પ્રથમ સેવાની આજ્ઞા કરી. વર્ષો પછી શ્રીનાથજીને મોટા મંદિરમાં બિરાજવાની ઇચ્છા થતા શ્રીમહાપ્રભુજીએ પૂરણમલ ક્ષત્રિયને આજ્ઞા કરી નવું મંદિર નિર્માણ કરાવ્યું. આમ પ્રથમ વખત ઇ.સ. ૧૫૦૯ના વૈશાખ સુદ ત્રીજના પ્રથમ વૈષ્ણવ હવેલી અસ્તિત્વમાં આવી. નવી હવેલીમાં પ્રથમ બંગાળીઓએ ત્યારબાદ ગુજરાતી સાંચોરા બ્રાહ્મણોએ સેવા સંભાળી. શ્રીનાથજી અહીં ઇ.સ. ૧૬૬૮ સુધી બિરાજયા. ત્યારબાદ અજબકુંવરીને આપેલા વચન પૂર્ણ કરવા મોગલ બાદશાહ ઔરંગઝેબનાં ત્રાસના નિમિત્તે વ્રજ છોડી આગ્રા ગ્વાલિયર, કોટા, કૃષ્ણપુરી, કૃષ્ણગઢ, ચાંપાસૈની સિંહાડ, ઉદેપુર, ઘસ્યાડ થઇ નાથદ્વારા પધાર્યા. જયાં જયાં શ્રીનાથજી બિરાજયા ત્યાં તેમની ચરણ ચોકીના આજેય દર્શન થાય છે.

શ્રીનાથજી ભગવાનનું સ્વરૂપ સ્વયં પ્રકટ થયું છે તે કોઇ મનુષ્યે બનાવ્યું નથી. આ સ્વરૂપ સાત વર્ષના બાળકનું છે. તેમણે જમણી દક્ષિણ ભૂજા પોતાની કટી ઉપર ટેકવી છે. જેમાં ભક્તોના રક્ષણનો ભાવ છે અને વામ ડાબી ભૂજા ઊંચી છે તેઓ જાણે કે નિકુંજના દ્વારે ઉભા હોય તે ભક્તોને પોતાની પાસે બોલાવે છે. શ્રીજીબાવાનું સ્વરૂપ શ્યામ, રાસલીલાના નાયકનું છે. નેત્રો ઢળેલા છે. જાણે ચરણાવિંદમાં આવેલા ભક્તોનો સ્વીકાર કરી કૃપા દષ્ટિ કરી રહ્યા છે. હડપચી ઉપર હીરો જડ્યો છે. મસ્તક ઉપર પાઘ ધારણ કરી મુગુટ પહેરેલો છે. કપાળમાં કેસરી તિલક કાને કુંડળ ધારણ કર્યા છે.

શ્રીજીબાવા નિત નવા શ્રૃંગાર ધારણ કરે છે. અનેક પ્રકારની સામગ્રી આરોગે છે.

શ્રીનાથજી શ્રી ગિરિરાજજીની કંદરામાં આવેલી સ્વામિનીજી નિકુંજના અધિપતિ છે એટલે તેમને નિકુંજનાયક કહેવાય છે. આ સ્વરૂપની પીઠિકા ચોરસ છે તેના ચાર ખૂણે સ્વામિનીજીની નિકુંજ છે. પીઠિકાની ચારે બાજુ યમુનાજીના ભાવથી જળની લહેરો છે. તેમાં ઉપર એક પોપટ, ડાબી બાજુ એક મુનિ છે નીચે ઘેટું છે અને તેની નીચે શેષનાગને બે ગાયો છે. પીઠિકાની ચોતરફ પર્વતની કંદરાછે આ બધા ભક્તો સાધકો છે.

શ્રીનાથજી ભગવાન વૈષ્ણવોનું આરાધ્ય સ્વરૂપ છે તેઓ શ્રીગોવર્ધનનાથજી તરીકે પણ ઓળખાય છે. લાડમાં તેમને શ્રીજીબાવા પણ કહેવાય છે.

આજે પણ નાથદ્વારામાં પ્રભુ જે રથમાં પધાર્યા હતા તે રથ છે. સોના ચાંદીની દળવાની ઘંટીઓ છે. શ્રીનાથજીનો વૈભવ અનેરો છે. શ્રીનાથજીનાં ધજાજીનું પણ મહત્વ છે.

ટૂંકમાં શ્રીકૃષ્ણની ગિરિરાજજી ધારણ કરવાની લીલાનું સ્વરૂપ એજ આપણા શ્રીનાથજી.

બોલો શ્રીનાથજી બાવા કી જય.

શ્રી ગિરિરાજધરણ કી જય.

## સવાલઃ

૧. વૈષ્ણવોનું આરાધ્ય સ્વરૂપ કયું ?
૨. શ્રીનાથજીનું પ્રાકટ્ય ક્યારે થયું હતું ?
૩. શ્રીનાથજીનું સ્વરૂપ કોણે બનાવ્યું ?
૪. શ્રીનાથજીનું બીજું નામ શું છે ?
૫. શ્રીનાથજીનું મંદિર બનાવી શ્રીનાથજીને મંદિરમાં કોણે પધરાવ્યા ?
૬. શ્રીનાથજી વ્રજમાં કેટલા વર્ષ બિરાજ્યા ?
૭. શ્રીનાથજી વ્રજ છોડી ક્યાં પધાર્યા ?
૮. શ્રીનાથજી નિકુંજનાયક કેમ કહેવાય છે ?
૯. શ્રીનાથજીને લાડમાં શું કહેવાયા છે ?
૧૦. શ્રીનાથજીનું સ્વરૂપ કેટલા વર્ષનાં બાળકનું છે ?

# વૈષ્ણવ પરિચય

વ્હાલા બાલમિત્રો ! જયશ્રી કૃષ્ણ

આગળ આપણે પુષ્ટિમાર્ગ વિષે સમજણ મેળવી. હવે આપણે મેળવીશું વૈષ્ણવનો પરિચય. તો મિત્રો સાદી ભાષામાં કહીએ તો વૈષ્ણવ એટલે પુષ્ટિમાર્ગનો યાત્રી જે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું પાલન કરે છે પરંતુ તમને ખબર છે મિત્રો કે સારા વૈષ્ણવ બનવા પ્રથમ સારા માણસ બનવું જરૂરી છે ?

ભગવાન વિષ્ણુના ઉપાસક એટલે વૈષ્ણવ ભગવાન વિષ્ણુ એટલે જ. ભગવાન શ્રીકૃષ્ણ વિષ્ણુ ભગવાન પ્રતિની આપણી ફરજ એટલે વૈષ્ણવ ધર્મ. આપણે જેમ ઘરમાં, સ્કુલમાં, મિત્રોમાં એકબીજા પ્રતિ આપણી ફરજ પૂર્ણ કરીએ છીએ તે જ રીતે આપણે ભગવાન પ્રતિની આપણી ફરજ પણ પૂર્ણ કરવાની છે. તમને થશે ભગવાન પ્રતિ પણ ફરજ તો હા, મિત્રો ભગવાન પ્રતિની ફરજને એ પણ નાનીસુની નહી પરંતુ ભગવાનને શોધી સાનિધ્યમાં જવાની આપણી ફરજ છે.

વળી મિત્રો અગત્યની વાત એ છે કે તમે સહુએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશની વાત સાંભળી હશે પરંતુ અહી આપણે આ ત્રિદેવોમાંના વિષ્ણુની વાત નથી કરતા. આપણે તો પરમાત્મા વિષ્ણુની વાત કરીએ છીએ. જેઓ પ્રથમ વ્રજમાં શ્રીકૃષ્ણ રૂપે, પછી શ્રીગિરિરાજજીની કંદરામાં શ્રીનાથજી સ્વરૂપે પ્રગટ થયા હતા. આમ, પરામાત્મા વિષ્ણુ, શ્રીકૃષ્ણ અને શ્રીનાથજી એક જ પરબ્રહ્મના સ્વરૂપ છે માટે શ્રીકૃષ્ણ, શ્રીનાથજીના સેવકો પણ વૈષ્ણવ કહેવાય.

તમને ખબર છે શ્રીમહાપ્રભુજી વૈષ્ણવો માટે શું કહેતા હતા. નહીં ને તો ચાલો હું તમને બતાવું શ્રીમહાપ્રભુજી અનુસાર સારો વૈષ્ણવ એક વૃક્ષની જેમ હોય છે કારણ કે વૃક્ષ પોતે તડકો વેઠી બીજાને છાયડો, ફળફૂલ આપે છે. વૈષ્ણવ હંમેશા બીજાની તકલીફ દૂર કરવા પ્રયત્ન કરે છે. મહાદેવજી પરમ વૈષ્ણવ છે તો હવે આપણે સારા વૈષ્ણવ બનવા શું કરવું જોઇએ તે ખબર છે ? સારા વૈષ્ણવ બનવા આપણે ૨૫૨-૮૪ વૈષ્ણવોની વાર્તાઓ વાંચવી જોઇએ. તો સાચો વૈષ્ણવ કેવો હોય ? તે આપણે જોઇએ. બધા બાળકોએ વારાફરતી એક એક લક્ષણ જણાવવાનું છે તો સહું તૈયાર છો. બધા બાળકો વારાફરતી કહેવા માંડ્યા.

- સવારે ઉઠીને તુલસીની કંઠીને હાથમાં લઇ આંખે લગાડે.
- કોઇની પણ નિંદા ન કરે, કોઇને પણ અન્યાય ન કરે.
- હંમેશા માતા-પિતા, ગુરૂ આચાર્ય તથા શિક્ષકને માન આપે.
- દરરોજ ચરણામૃત લે, તિલક કરે, નિત્ય કંઠી પહેરે.
- પોતાનું સઘળુ પ્રભુનું છે અને મારું કાંઇ નથી એવું સમજે.
- ખરાબ સોબતથી દૂર રહે.
- હંમેશા બહાર જતા આવતા શ્રી ઠાકોરજીના ચિત્રને દંડવત કરે.
- દરરોજ નિત્ય નિયમના પાઠ કરે.
- અભિમાન અને અહંકાર રાખે નહીં.
- હંમેશા સ્નાન કરી પ્રભુ સેવા-સ્મરણ કર્યા પછી ભોજન કરે.
- હંમેશા સાચુ બોલે.
- હંમેશા બીજાને મદદ કરવા તત્પર રહે.
- હંમેશા પ્રભુના દર્શન કરવા માટે મનમાં તાલાવેલી રહે.

અરે ! વાહ ! તમે તો સરસ મુદ્દાઓ રજુ કર્યા છે અને ખરેખર જો આ બધી બાબતનું ધ્યાન રાખીએ તો જરૂરથી સાચા વૈષ્ણવ બનાય. બીજી એક ખાસ વાત સાચા વૈષ્ણવ બનવા એક વિદ્યાર્થી તરીકે પણ તમારે

યોગ્ય નિયમોનું પાલન કરવું જોઇએ તો બોલો તમારે જાણવા છે એ નિયમો. સહું બાળકો સાથે બોલી ઉઠ્યા હા, અમે જરૂરથી એ નિયમો પાળીને સાચો વિદ્યાર્થી વૈષ્ણવ બનીશું.

ભલે બાલમિત્રો ! તમને રસ પડે છે તો આવતી વખતે સમજાવીશ. આજે આપણે વૈષ્ણવી પોશાક અને શ્રીહરિરાયજીના મત અનુસાર વૈષ્ણવની ચાર કક્ષા વિષે જાણી ક્લાસની સમાપ્તિ કરીશું.

તો મિત્રો ! વૈષ્ણવી પોશાક એટલે પુરૂષો – ધોતી, બંડી ધારણ કરી ગળામાં કંઠીને, કપાળે તિલક કરવું જોઇએ. ટૂંકમાં તમે જેવા વસ્ત્રો અત્યારે પહેર્યાં છે તેવા જ ને બહેનોએ સાડી, કપાળમાં ચાંદલો, ગળામાં કંઠી ધારણ કરવી.

હવે શ્રીહરિરાયજી અનુસાર વૈષ્ણવોની ચાર કક્ષા છે.

૧. દાસ – બ્રહ્મસંબંધ લઇ શ્રીઠાકોરજીની સેવા કરે.

૨. સેવક – સેવા કરતી વખતે શ્રીઠાકોરજીના સુખનો જ વિચાર કરે.

૩. ભગવદીય – શ્રીઠાકોરજી પ્રતિ આસક્ત, પ્રભુ વિના ચેન પડે નહીં.

૪. તાદ્દ્શી – ભગવદીયને જ્યારે પ્રભુની લગની લાગે ને રાતદિવસ પ્રભુની વિવિધ લીલામાં જ નિમગ્ન રહે તેને તાદ્દ્શી વૈષ્ણવ કહેવાય. આવા વૈષ્ણવ સર્વોત્તમ કહેવાય.

**નીચે આપેલા વાક્યોમાંથી કેટલાંક સાચાં છે અને કેટલાંક ખોટા છે. સાચા વાક્ય સામે (√) ચિન્હ કરો અને ખોટાં વાક્ય સામે ( x ) નું ચિન્હ કરો.**

૧) સવારે ઉઠીને સહું ને ગુડમોર્નિંગ કહે

૨) દરેક વ્યક્તિમાં દોષ જોવે

૩) ઘરમાં બુટ-ચંપલ પહેરીને ફરે તે વૈષ્ણવ

૪) વૈષ્ણવ હંમેશા બીજાને મદદ કરવા તત્પર રહે છે.

૫) વૈષ્ણવ સવારે ઉઠીને તુલસીની કંઠીને હાથમાં લઇ આંખે લગાડે છે.

૬) વૈષ્ણવ એટલે મર્યાદાનો જીવ

૭) વૈષ્ણવ ખરાબ સોબતથી દૂર રહે

૮) વૈષ્ણવ પોતાનું જે કાંઇ છે તેને પોતાનું સમજે પ્રભુનું નહી.

૯) પુરૂષ વૈષ્ણવ કપાળમાં ચાંદલો કરે

૧૦) વૈષ્ણવ હંમેશા અભિમાન કરે

૧૧) વૈષ્ણવ દરરોજ ચરણામૃત લે, નિત્ય નિયમનાં પાઠ કરે

૧૨) વૈષ્ણવ હંમેશા પ્રભુના દર્શન કરવાની તાલાવેલી રહે છે

# વિદ્યાર્થી - વૈષ્ણવે પાળવાના નિયમો

૧. રોજ સવારે વહેલા ઉઠવું.

૨. પથારીમાં બેસી પ્રથમ પહેરેલી તુલસીની કંઠીનાં દર્શન કરી, કંઠી બંને આંખે લગાડવી.

૩. હાથ મોં ધોઇ, બે હાથ જોડી પ્રભુનું સ્મરણ કરવું.

૪. ઘરમાં સહુને 'જયશ્રી કૃષ્ણ' કહેવા.

૫. સ્નાન ઇત્યાદીથી પરવારી ઓખ્ખા વસ્ત્રો ધારણ કરી ચરણામૃત લેવું.

૬. ઘરે સેવા બિરાજતી હોય તો શ્રીઠાકોરજીના દર્શન, દંડવત કરવા.

૭. શ્રીઠાકોરજી સમક્ષ નિત્ય નિયમનાં પાઠ કરવા.

૮. ઘરમાં બુટ–ચપ્પલ પહેરીને ફરવું નહિ.

૯. માતા–પિતા સાથે અવારનવાર વ્રત–ઉપવાસ થાય તે પ્રમાણે કરવા પ્રયત્ન કરવો.

૧૦. પોતાના ભણવાના ટેબલ ઉપર અને સ્કૂલબેગમાં શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી અથવા પોતાના ગુરૂજીનું ચિત્ર અવશ્ય રાખી, સમય પ્રમાણે ચરણસ્પર્શ કરી લેવા.

૧૧. સમય મળે પુષ્ટિમાર્ગની વાર્તાઓ, સાહિત્યનું વાંચન કરવું.

૧૨. પોતાની ભૂલનો વિના ખચકાટ સ્વીકાર કરવો.

૧૩. મંદિરે દર્શન કરવા, ઉત્સવોમાં ઉત્સાહભેર ભાગ લેવો.

૧૪. રાત્રે ઘરમાં નિયમિત સત્સંગમાં બેસવું.

૧૫. બહારથી આવીને ઘરમાં શ્રીપ્રભુને દંડવત કરી સૌને જયશ્રીકૃષ્ણ બોલવા

૧૬. ભણતી વખતે ચોરી કરવી નહીં.

૧૭. સૂતા સૂતા અથવા લાંબા પગ કરી વાંચવું નહી.

૧૮. સૂતા પહેલા હાથ – મોં ધોઇ વડીલોને જયશ્રીકૃષ્ણ કહેવા

૧૯. શ્રીઠાકોરજીના દર્શન કરી અષ્ટાક્ષરના જાપ કરતા કરતા સૂઇ જવું.

## ચરણામૃત

તો બાલમિત્રો, ગયા અઠવાડિયે આપણે મંગલાચરણ વિષે ભણ્યા હવે આજે આપણે ચરણામૃત વિષે જાણકારી મેળવીશું.

સહું પ્રથમ તો ચરણામૃત એટલે શું ? તો જવાબ છે ચરણામૃત એટલે પીળી વ્રજરજ. ચરણામૃતના પેંડા તો તમે તમારા ઘરમાં જોયા હશે. એ પેંડા વ્રજરજ, શ્રીયમુનાજીની રજ તથા શ્રીનાથજીના સ્નાનું જળ મેળવી તૈયાર થાય છે.

તમને ખબર છે વ્રજરજ કેમ આટલી મહત્વની છે ?

દ્વારકેશ કહે : હા, મારા દાદા મને કનૈયાની વાર્તા કહે છે એ કહેતા હતા શ્રીકૃષ્ણ ભગવાન જયારે નાના હતા એમણે સમસ્ત વ્રજમંડળમાં ખુલ્લા પગે ભ્રમણ કર્યું હતું આથી કનૈયાના ચરણનો આ રજને સ્પર્શ થયો તેથી એથી એ સર્વોત્તમ છે અને કૃષ્ણ ભગવાન શ્રીયમુનાજીનાં જળક્રીડા કરતા હતા તેથી એમના ચરણનો પ્રત્યક્ષ સંબંધ શ્રીયમુનાજીમાં થવાથી વ્રજરજ ચરણામૃત તરીકે લેવાય છે. સરસ દ્વારકેશ તારા દાદીની વાત સાચી છે.

એ આપણે જોઇએ છે કે ચરણામૃત લેવાથી શું થાય ?

તુલસી કહે : હું કહું મને ખબર છે. હા તો તલસી બોલ તું શું કહે છે.

તુલસીએ કહ્યું : મારી મમ્મી મને રોજ ચરણામૃત આપે છે એ કહે છે કે ચરણામૃત લેવાથી આપણુ મન પણ સ્વચ્છ થાય છે. સ્નાન કરવાથી તો ફક્ત શરીર જ શુદ્ધ થાય અને આપણું મન સ્વચ્છ થાય એટલે આપણને ખરાબ વિચારો ના આવે, ભગવાનમાં ભક્તિ પણ વધે માટે દરરોજ ચરણામૃત લેવું જોઇએ.

સરસ હવે હું તમને ચરણામૃત લેવાની રીત સમજાવીશ.

સહુ પ્રથમ ઉંચેથી મૂખમાં મૂકવું, પછી આંખે, મસ્તકે, કાન, વક્ષસ્થલ પર લગાડવું આ બધા અંગો શુદ્ધ થાય છે.

ચરણામૃત લીધા પછી હાથ ખાસા કરવા. આ માટે શ્રીઠાકોરજીની સેવામાં વપરાતા જળનો ઉપયોગ કરો. ખાસા એટલે પવિત્ર.

ચરણામૃત સવાર સાંજ બપોરે તેમ જ દરેક મંગલકાર્યની શરૂઆતમાં લેવું જોઇએ. જયારે તમે બિમાર હો ત્યારે સ્નાન ન કરી શકો તો એ સમયે ચરણામૃત લેવાથી શરીરની શુદ્ધિ થાય છે. રાત્રે સુતી વખતે ચરણામૃત લેવાથી કદી પણ દુર્ગતિ થતી નથી.

એક છેલ્લી વાત, જયારે આપણે અસમર્પિત એટલે કે ભગવાનને ધરાવ્યા વિનાનો ખોરાક લેવો પડે તે સમયે શ્રીઠાકોરજીનું સ્મરણ કરી એમાં ચરણામૃત ભેળવી લઇ શકાય. માટે ચરણામૃત હંમેશા સાથે રાખવું જોઇએ. તો બાલમિત્રો, તમે પણ આજથી ચરણામૃત લેવાનો નિયમ રાખજો.

બોલો રાખશો ને..

સવાલો :

૧. ચરણામૃત એટલે શું ?

૨. ચરણામૃત કેમ લેવું જોઇએ ?

૩. ચરણામૃત ક્યારે લેવું જોઇએ ?

૪. ચરણામૃત કેવી રીતે લેવાય ?

૫. ચરણામૃતનાં પેંડા શામાથી તૈયાર થાય છે ?

# તિલક

પ્યારા બાલમિત્રો ! જયશ્રીકૃષ્ણ !

આ પહેલાનાં સ્વાધ્યાયમાં આપણે મંગલાચરણ, ચરણામૃત વિષે જાણ્યું. આજે આપણે તિલક અંગે જાણીશું.

તો મિત્રો, આપણે કપાળમાં જે તિલક કરીએ છીએ. એ આપણાં શ્રીઠાકોરજી પ્રતિના સ્નેહનું ચિન્હ છે. આપણું સૌભાગ્ય ચિન્હ છે. શ્રીહરિનાં ચરણ કપાળ પર ધારણ કરવાની ભાવનાથી તિલક કરાય છે. તિલક કરવાથી આપણને સતત શ્રીહરિનું મનમાં સ્મરણ રહે છે. આપણે શ્રીહરિના દાસ છીએ એ ભાવના મનમાં રહે છે.

બાલમિત્રો, તમને કદાચ ખબર નહીં હોય પરંતુ આપણાં લલાટ પર બે ભ્રમરોની વચ્ચે આજ્ઞાચક્ર આવેલું છે. તિલક કરવાથી એ સતેજ થાય છે અને તમારી વિચારશક્તિ, આજ્ઞાશક્તિને વિકસિત કરે છે. આથી તમારી બુદ્ધિ વિશુદ્ધ થાય છે. આમ થવાથી ખરાબ વિચારોથી રક્ષણ થાય છે. મન સ્વચ્છ રહે છે અને કશુ પણ ખોટું કામ કરતા આપણને રોકે છે. તિલક આધિ–વ્યાધિ–ઉપાધીથી રક્ષણ કરે છે એટલે તિલક અથવા ચાંદલો એ કેવળ સંપ્રદાયની ઓળખ માટે જ નથી.

ચિંતન તને ખબર છે તિલક શાનાથી કરાય છે ?

ચિંતન : દાદાજી કહે છે તિલકના ત્રણ પ્રકાર છે.

૧) હરિચરણાકાર – શ્રીહરિનાં ચરણ આકારનું તિલક શ્રીહરિનાં ચરણ મસ્તક ઉપર ધારણ કરવાની ભાવનાથી કરાય છે.

૨) દંડાકાર તિલક – બે ઉભા દંડ શ્રીયમુનાજીનાં બે કિનારા છે, વચ્ચે શ્રીકૃષ્ણની ક્રીડાસ્થલી છે. શ્રીવિઠ્ઠલેશજીનાં ચતુર્થલાલ શ્રીગોકુલનાથજીનાં સેવકો આવું તિલક કરે છે. તેની પાછળ એક સુંદર કથા છે. એક વખત શ્રીગોકુલનાથજીને સેવામાં પહોંચતા મોડુ થવાથી ઉતાવળમાં બે ઉભી લીટી કરી પરંતુ નીચેથી બાંધવાની ભૂલી ગયા. શ્રીઠાકોરજી આ નવી જાતનું તિલક જોઇ ખૂબ હસ્યા પછી આજ્ઞા કરી કે હવેથી આવું જ તિલક કરજો મને તે ખૂબ ગમે છે.

૩) બહેનોએ કપાળમાં કુમકુમનો ચાંદલો કરવો.

**શરીરનાં ૧૨ અંગો પર તિલકની ભાવના**

૧. લલાટ = કેશવ

૨. ઉદર = નારાયણ

૩. વક્ષસ્થલ = માધવ

૪. કંઠ = ગોવિંદ

૫. દક્ષિણ કુક્ષિ = વિષ્ણુ

૬. જમણો હાથ = મધુસૂદન

૭. કર્ણ = ત્રિવિક્રમ

૮. વામ કુક્ષિ = વામનજી

૯. ડાબો હાથ = શ્રીધર

૧૦. પીઠ = પદ્મનાભજી

૧૧. સ્કંધ = દામોદર

૧૨. મૂર્ધા (તળવું) = વાસુદેવ

સવાલો :

૧. તિલક આપણે ક્યા ભાવથી કરીએ છીએ ?

૨. તિલક શાનાથી કરાય છે ?

૩. તિલક ક્યારે કરવું જોઇએ ?

૪. તિલક શાની નિશાની છે ?

૫. હરિચરણાકાર તિલક એટલે શું ?

૬. દંડાકાર તિલક એટલે શું ? એ કોણ કરે છે ?

# તુલસીની કંઠી

વ્હાલા બાલમિત્રો !

આ વખતે આપણે તુલસીની કંઠી વિષે જાણીશું.

એ સાથે જ સહું બાળકો બોલી ઉઠ્યા મને ખબર છે, હું કહું ! અરે ! વાહ આ તો ઘણું સુંદર તો તમે જ બધા વારાફરતી તુલસીની કંઠી અંગે બીજાને સમજાવો બરાબર છે ? બધા બાળકો તૈયાર થઇ ગયા. સહું પ્રથમ તુલસી આવી. સુંદર કંઠે એણે બે કડી ગાઇ સંભળાવીને પછી બોલી કે **નમો નમઃ તુલસી કૃષ્ણ પ્રેયસી, રાધાકૃષ્ણ સેવા પાઓ યહી અભિલાષી.**

તુલસી શ્રી કૃષ્ણને ખૂબ પ્રિય છે. વળી તે ભક્તિ, સમર્પણનું પ્રતિક છે. જેમ આપણે સામગ્રીમાં તુલસીને પધરાવી ભોગ ધરીએ છીએ એ જ રીતે આ શરીર પણ શ્રીઠાકોરજીનું આપેલું છે તેમાં પણ તુલસીજી પધરાવવા જોઇએ પરંતુ તુલસીદળ એમ ને એમ મુકો તો રહે નહીં આથી તુલસીના મણકાની કંઠી હૃદય પ્રદેશ સુધી પહોંચે તેવી લાંબી પહેરવી.

હવે ચિંતનનો વારો આવ્યો.

તેણે કહ્યું : દરરોજ સવારે ઉઠીને તુલસીની કંઠીના દર્શન કરી કંઠી બંને આંખે લગાડીને ભગવાનને યાદ કરવા. એનું કારણ એ ખબર છે ? બધા કહે ના, તો ચાલો હું સમજાવું, કંઠી આપણને યાદ અપાવે છે આ શરીર શ્રીઠાકોરજીનું આપેલું છે માટે આખો દિવસ આપણે જે પણ કરીએ એ પ્રભુને યાદ કરીને કરીએ. કંઠી એટલે સર્વોચ્ચ ભક્તિનું પ્રતિક, કંઠી એટલે આપણા દેહનું જીવનનું ઠાકોરજીને કરેલું સમર્પણ. બાલમિત્રો ! આ તુલસીની કંઠી પહેરવાના બીજા પણ ઘણા ફાયદા છે જે હું તમને આજે સમજાવીશ.

કંઠી ધારણ કરવાથી ખરાબ વિચારોથી રક્ષણ થાય છે અને ખોટા વિચારો કરવાથી થયેલા રોગથી મુક્ત થવાય છે. તુલસીકંઠી જોઇ યમદુતો દુરથી જ ગભરાઇને નાસી જાય છે. તુલસી કંઠીથી પ્રેત પણ દૂર ભાગી જાય છે. તુલસી કંઠી ધારણ કરવાથી તુલસીના દરેક મણકા ઉપર અશ્વમેઘ યજ્ઞ કર્યાનું ફળ મળે છે.

કલિયુગમાં તુલસી કંઠી ધારણ કરી પિતૃકાર્ય અને દેવકાર્ય કરવાથી કોટી પૂણ્ય મળે છે.

તુલસી કંઠી અને તિલસ ધારણ કર્યા સિવાય ભગવદ સેવા થઇ શકે નહીં અને ખબર છે સાચા વૈષ્ણવથી તો એક ક્ષણ પણ કંઠી વિના રહેવાય નહીં. તેમ કરવાથી વિષ્ણુદ્રોહ લાગે અને નવી કંઠી ધારણ કરીએ ત્યાં સુધી તો બોલાય પણ નહીં અને સમજણ પણ સેવાય નહીં.

વળી કંઠી ધારણ કરવાથી કનૈયો સદા આપણી સાથે રહે છે અને આપણું દરેક મુશ્કેલીઓ/આપત્તિઓથી રક્ષણ કરે છે.

નામદીક્ષા લેનારે એક કંઠી તથા બ્રહ્મસંબંધ લેનાર વૈષ્ણવે બે કંઠપહેરવી જોઇએ. બ્રહ્મસંબંધ પછી તો

અવશ્ય પહેરજો.

બાલમિત્રો, કંઠી આપણાં સૌભાગ્યની નિશાની છે અને હા, કંઠી તુટી જાય તો ગમે ત્યાં ફેકતા શ્રીયમુનાજીમાં પધરાવવી જોઇએ. વળી ક્યારેક બહાર જાવ તો કંઠી સન્મુખ કરી વસ્તુ ધરાવીને લઇ શકાયને ખાસ વાત, અશુભ એટલે કે કોઇના મરણ પ્રસંગે ગયા હો તો પાછા આવીને કંઠી બદલવી પડે.

વળી, તુલસીની કંઠી આપણે હાથ કે મસ્તક પર નહીં પહેરતા ગળામાં પહેરીએ છીએ કારણ એ છેક હૃદય સુધી જાય છે જ્યાં હર હંમેશ પ્રભુનો વાસ રહે છે અહીં પ્રભુને તુલસીજીનો સહવાસ થાય છે.

બાલમિત્રો ! એક છેલ્લી વાત – કદાચ તમને બધાને ખબર હશે કે શ્રી વલ્લભાચાર્યજીના પૌત્ર શ્રીગોકુલેશજીએ પોતાની એંસી વર્ષની ઉંમરે જ્યારે જહાંગીર બાદશાહે કંઠી પહેરવા અને તિલક કરવાનો પ્રતિબંધ લગાવ્યો ત્યારે એમણે તુલસીની કંઠી પહેરવી એ શાસ્ત્રોની આજ્ઞા છે તેમ સાબિત કરીને પ્રતિબંધ હટાવ્યો હતો.

તો બાલમિત્રો ! હવે સમજ્યાને કે પ્રભુની અતિ નિકટ રહેવાનો અધિકાર તુલસીજીને મળ્યો છે તો સહુ સાથે મળી બોલો..

'પુષ્ટિ પ્રાપ્તિનો સીધો માર્ગ'

તુલસીજી, તુલસીજી

**નીચે આપેલા વાક્યોમાંથી કેટલાંક સાચાં છે અને કેટલાંક ખોટા છે. સાચા વાક્ય સામે (√) ચિન્હ કરો અને ખોટાં વાક્ય સામે ( x ) નું ચિન્હ કરો.**

૧) તુલસીજી એટલે પ્રભુની પ્રિય ભક્ત, ભક્તિનું પ્રતિક

૨) તુલસીજીની કંઠી સોનાના તારમાં ૧/૨ મણકા પરોવીને પણ પહેરી શકાય

૩) સવારે ઉઠતા સહુ પ્રથમ પ્રભુ સ્મરણ કરી કંઠી બંને આંખે લગાડવી જોઇએ

૪) બ્રહ્મસંબંધ લીધા પછી બે કંઠી પહેરવી જોઇએ

૫) તુલસીની કંઠી વિના એક ક્ષણ પણ રહેવાય નહીં

૬) અશુભ પ્રસંગ પછી તુલસીની કંઠી બદલવામાં આવતી નથી

૭) તુલસીની કંઠી હાથે, મસ્તકે પણ કહેરી શકાય

૮) તુલસીની કંઠી ભૂતપ્રેતથી આપણું રક્ષણ કરતી નથી

૯) તુલસીની કંઠી જોઇ યમદૂતો આપણી નજદીક આવી જાય છે.

૧૦) તુલસીની કંઠી પહેર્યા વિના સેવા થઇ શકે.

૧૧) તુલસીની કંઠી આપણા સૌભાગ્યની નિશાની છે.

૧૨) શ્રી વલ્લભાચાર્યજીનાં પૌત્ર શ્રી ગોકુલનાથીજીએ કંઠી તિલક નહીં પહેરવાની જહાંગીર બાદશાહની આજ્ઞાનું પાલન કર્યું હતું.

૧૩) પ્રભુનાં ચરણોમાં તુલસીની દ્વારા આપણું સર્વસ્વ સમર્પણ કરીએ છીએ.

૧૪) કંઠી ધારણ કરવાથી ખરાબ વિચારો આપવા નથી.

# બ્રહ્મસંબંધ

## પરિચય, અર્થ અને મહત્વ

વ્હાલા બાલમિત્રો ! જયશ્રી કૃષ્ણ

આજે આપણો વિષય છે બ્રહ્મસંબંધ. આપણે શ્રીમહાપ્રભુજીના ચરિત્ર વિશે જાણ્યુ ત્યારે એમાં એ પણ જાણ્યુ કે સંવત ૧૫૪૯ના શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ ભગવાન શ્રીકૃષ્ણે સાક્ષાત પ્રગટ થઇને શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કે જે જીવને આપ બ્રહ્મસંબંધ દ્વારા મારા શરણે સોપશો તેનો હું કદી ત્યાગ નહીં કરૂં.

તો મિત્રો, આપ સહુએ આ શબ્દ તો સાંભળ્યો જ હશે. આજે આપણે આ દીક્ષા લેવા પાછળનું કારણ ? દીક્ષા લીધા પછી શું થાય એ અંગે સમજીશું.

બ્રહ્મસંબંધનું પુષ્ટિમાર્ગમાં વિશિષ્ટ સ્થાન છે. પુષ્ટિમાર્ગનું ગૂઢ રહસ્ય છે એટલું જ નહીં પરંતુ મિત્રો તે તો આપણું હ્રદય પરિવર્તન કરાવનાર અદ્‌ભૂત કીમિયો છે.

શરૂઆતમાં જ આપણે જોયું કે આ મંત્ર કેવી રીતે પ્રગટ થયો. શ્રી મહાપ્રભુજી પ્રભુની ઉપરોક્ત આજ્ઞા સાંભળી ખૂબ પ્રસન્ન થયા અને પ્રભુને કેસરી રંગનું પવિત્રુ પધરાવી મીસરી ધરાવી મધુરાષ્ટકમથી પ્રભુની સ્તુતિ કરી. બીજે દિવસે આ મંત્રથી સૌ પ્રથમ દીક્ષા શ્રી મહાપ્રભુજીએ શ્રી દામોદરદાસ હરસાનીને આપી.

હવે મિત્રો આપણે આ મંત્ર અંગે થોડું સમજીએ. સહુ પ્રથમ તો બ્રહ્મસંબંધ એટલે બ્રહ્મ સાથેનો સંબંધ બ્રહ્મ એટલે ભગવાન. આ મંત્ર દ્વારા પ્રભુ જીવનો સ્વીકાર કરે છે. આપણે આપણી અસલી ઓળખ ભૂલીને પ્રભુને પણ ભૂલી ગયા છીએ એ યાદ કરાવી આપણા શ્રીગુરૂદેવ આપણો સંબંધ પ્રભુ સાથે જોડી આપે છે એનું જ નામ બ્રહ્મસંબંધ.

આ મંત્ર ચોર્યાસી અક્ષરનો છે એ ગદ્યમાં હોવાથી એને ગદ્યમંત્ર પણ કહેવાય છે મંત્રના છેલ્લા પાંચ અક્ષર પંચાક્ષર કહેવાય છે અને મિત્રો યાદ રાખજો કે આ મંત્રનો જપ સ્નાન કરી અપરસમાં જ કરી શકાય તે સિવાય નહીં. આ મંત્રની શરૂઆત પોતાનો પરિચય આપ્યા પછી જીવ પોતાનું શરીર, ઇન્દ્રિયો, પ્રાણ, આત્મા, ઘર, કુટુંબ, સર્વસ્વ પ્રભુના ચરણોમાં નિવેદન કરીને પ્રતિજ્ઞા કરે છે કે હે કૃષ્ણ ! આજથી હું તમારો છું તમારો દાસ છું.

પુષ્ટિમાર્ગમાં આદ્યગુરૂ શ્રીમહાપ્રભુજી જ છે અને શ્રીવલ્લભકુળનાં બાળકોનાં હ્રદયમાં બિરાજી આ દીક્ષા શ્રીમહાપ્રભુજી જ આપે છે.

બાલમિત્રો, તમે સહુ સ્કુલમાં જાવ છો અટલે જાણતા જ હશો કે કોઇ પણ સંસ્થામાં પ્રવેશ માટેના નિયમો હોય છે અને પ્રવેશ મેળવ્યા પછી પણ નિયમો પાળવાના હોય છે. એજ રીતે બ્રહ્મસંબંધ લેવાના આગલા દિવસે વ્રત કરવું જરૂરી છે જેથી શરીર શુદ્ધિ થાય. બ્રહ્મસંબંધના દિવસે ગુરૂદેવ પાસે અપરસમાં સ્નાન કરી કોરા વસ્ત્રો પહેરીને જવાનું હોય છે ગુરૂદેવ આપણા હાથમાં તુલસીદળ આપી બ્રહ્મસંબંધ મંત્ર બોલાવે તે પ્રમાણે બોલવાનો, ત્યારબાદ ગુરૂદેવ આપણાં હાથમાં તુલસીદળ શ્રીઠાકોરજીના ચરણોમાં સમર્પે છે આ છે બ્રહ્મસંબંધ દીક્ષા લેવાનો સરળ વિધિ. અહીં આપણે તુલસીદળ દ્વારા આપણું સઘળુ પ્રભુના ચરણોમાં સમર્પિત કરીએ છીએ.

હવે બ્રહ્મસંબંધ દીક્ષા લીધા પછી આપણે શું કરવાનું અને કેવી રીતે જીવવાનું તે ખૂબ અગત્યનું છે. સૌ પ્રથમ તો ગળામાં સુતરાઉ દોરામાં પરોવેલી તુલસીની કંઠી તો હોવી જ જોઇએ કારણ કે કંઠી હંમેશા આપણને

આપણા પ્રભુનાં સેવક છીએ એ યાદ અપાવે છે. ત્યારબાદ ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીની સેવામાં શક્ય તેટલો સમય આપવો. કારણ પ્રભુનાં દાસ બન્યા છીએ તો પ્રભુની સેવા તો કરવી જ જોઇએ. વળી મંગલાચરણ, યમુનાષ્ટકમ, કૃષ્ણાશ્રય, સર્વોત્તમ સ્તોત્ર, ગ્રંથોને નિયમિત પાઠ કરવો જોઇએ. ભગવાન શ્રીકૃષ્ણના દાસ બન્યા પછી આપણે બીજા કોઇની પૂજા–અર્ચના કશુ મેળવવાની ઇચ્છા કરવી જોઇએ નહી અને ખાસ તો બ્રહ્મસંબંધ લીધા પછી જ વૈષ્ણવનું ખરૂ કર્તવ્ય શરૂ થાય છે. આ દીક્ષા લીધા પછી સતત અષ્ટાક્ષર મંત્ર – 'શ્રી કૃષ્ણઃ શરણમ્ મમ' નો જાપ કરવો જોઇએ. એના દરેક અક્ષરમાં વિશિષ્ટ શક્તિઓ રહેલી છે આ જપ કરવાથી લૌકિક અડચણો, ભૂતપ્રેતનો ભય દૂર થાય છે. ભગવાનની ભક્તિ પ્રાપ્ત થાય છે. આ મંત્રનો જપ કરવા કોઇ નિયમની આવશ્યકતા નથી. આ મંત્રનો જપ ગમે તે પરિસ્થિતિમાં કરી શકાય છે. તો ચાલો મિત્રો આપણે સહુ સાથે ગાઇએ

**શ્રીકૃષ્ણઃ શરણમ્ મમ..**

**નીચે આપેલા વાક્યોમાંથી કેટલાંક સાચાં છે અને કેટલાંક ખોટા છે. સાચા વાક્ય સામે (√) ચિન્હ કરો અને ખોટાં વાક્ય સામે ( x ) નું ચિન્હ કરો.**

૧) બ્રહ્મસંબંધ આપવાની આજ્ઞા સ્વયં શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને કરી

૨) બ્રહ્મસંબંધ એટલે બ્રહ્મ સાથેનો સંબંધ

૩) બ્રહ્મસંબંધ મંત્ર ૪૮ અક્ષરનો બનેલો છે

૪) સહુ પ્રથમ બ્રહ્મસંબંધની દીક્ષા શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદાસને આપી

૫) બ્રહ્મસંબંધની દીક્ષા લેવાના આગલે દિવસે ઉપવાસ કરવો જરૂરી નથી

૬) શ્રી મહાપ્રભુજીએ સાક્ષાત પ્રગટ થયેલા શ્રીઠાકોરજીની સ્તુતિ યમુનાષ્ટકથી કરી

૭) આ મંત્ર દ્વારા જીવ પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પે છે

૮) બ્રહ્મસંબંધ દીક્ષા આપતી વખતે શ્રીગુરૂદેવ આપણા હાથમાં તુલસીદળ આપે છે

૯) બ્રહ્મસંબંધની દીક્ષા લીધા પછી નિયમિત અષ્ટાક્ષરના જપ કરવા જોઇએ

૧૦) બ્રહ્મસંબંધ દીક્ષા લીધા બાદ ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીની શક્ય એટલી સેવા કરવી જોઇએ

૧૧) બ્રહ્મસંબંધનું પુષ્ટિમાર્ગમાં વિશિષ્ટ સ્થાન છે

૧૨) બ્રહ્મસંબંધ એટલે હૃદય પરિવર્તન કરાવનાર અદભૂત કીમિયો

૧૩) બ્રહ્મસંબંધ દીક્ષા લીધા પછી તુલસીની કંઠી પહેરવી જરૂરી છે

૧૪) બ્રહ્મસંબંધની દીક્ષા કોઇની પણ પાસે લઇ શકાય છે

# શ્રી ઠાકોરજીની ગૃહ સેવા પ્રકાર

અન્ય સંપ્રદાયોમાં વિદ્યમાન ન હોય અને ફક્ત પુષ્ટિમાર્ગમાં વિશિષ્ટ હોય એવી જો કોઇ પ્રણાલી હોય તો એ ગૃહસેવાની પ્રણાલી છે. કોઇ પણ સંપ્રદાયમાં ગૃહસેવાને એટલું પ્રાધાન્ય આપાવામાં આવ્યું નથી જેટલું પુષ્ટિમાર્ગમાં આપવામાં આવ્યું છે. ગૃહસેવામાં વલ્લભકુળના આચાર્ય ચિત્રજી કે લાલનમાં પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણનો આવિર્ભાવ કરી (ઠાકોરજીને પુષ્ટ કરી) વૈષ્ણવના ઘેર પધરાવી આપે છે. ચિત્રજી કે લાલનમાં પુર્ણપુરૂષોત્તમત્વ પુષ્ટ થયા પછી જ આવે છે. આ રીતે સાક્ષાત્ ઠાકોરજી હોવાને કારણે વૈષ્ણવો એમને રોજ જગાવે છે. ભોગ આરોગાવે છે. શ્રૃંગાર કરે છે અને વિવિધ પ્રકારે લાડ લડાવે છે. વૈષ્ણવ જે પણ અન્ન લે છે. એ ઠાકોરજીને આરોગાવ્યા પાછી પ્રસાદી રૂપે જ લે છે. બીજા શબ્દોમાં કહીએ કે હવેલીમાં ચાલતી સેવાનું સૂક્ષ્મ સ્વરૂપ એટલે ગૃહસેવા. હવેલીમાં સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ બિરાજતા હોવાને કારણે ખૂબ જ પ્રેમ, શુદ્ધતા અને નિખાલસતાથી સેવા કરવામાં આવે છે. એવો જ પ્રેમ, શુદ્ધતા અને નિખાલસતાથી સેવા કરવાને પ્રયત્ન વૈષ્ણવોએ પોતાના ઘેર કરવો જોઇએ કારણકે એના ઘરે પણ પુર્ણપુરૂષોત્તમ જ બિરાજે છે.

ગૃહસેવા જેવી વિશિષ્ટ પ્રણાલી કે જેમાં સાક્ષાત્ શ્રીઠાકોરજી વૈષ્ણવના ઘરે બિરાજે છે, જે વૈષ્ણવને પ્રાપ્ત છે તો દરેક વૈષ્ણવે યથા સામર્થ્ય સેવા અવશ્ય કરવી જ જોઇએ. બ્રહ્મસંબંધ દીક્ષાની સાર્થકતા ગૃહસેવા કરવામાં જ છે. દરેક વૈષ્ણવની પરિસ્થિતિ, વિચારધારા, સામર્થ્ય ભિન્ન હોવાને કારણે સેવાના પણ ભિન્ન પ્રકાર છે જે સૂક્ષ્મ રીતે નીચે લખ્યા છે.

**૧) મિસરીની સેવાઃ** આ સેવામાં ચિત્રજી કે લાલનને વિધવત્ જગાડવાથી લઇને પોઢાવવા સુધીની સેવા કરવામાં આવે છે પણ ભોગમાં ફક્ત મિસરી, સૂકો મેવો, દૂધ અને દૂધઘર જ ધરી શકાય છે. દાળ–ભાત–રોટલી આદિ સખડી ભોગ ધરાવવાની આજ્ઞા આપવામાં આવી નથી. જે વૈષ્ણવોને ચિત્રજી કે લાલન પધરાવવા હોય પણ ઘરે આવશ્યક શુદ્ધતા જાળવી શકતો ન હોય તેઓ આ પ્રકારની સેવા પધરાવે છે. આજકાલ મોટાભાગના વૈષ્ણવોના ઘેર મિસરી ભોગની સેવા જ બિરાજે છે.

**૨) અનસખડીઃ** આ પ્રકારમાં સેવાક્રમ તો મિસરીની સેવા જેવો જ હોય છે. પણ ભોગ ધરતી વખતે અનસખડી ધરવામાં આવે છે. (કોઇપણ પ્રકારના લોટને આંચ પર મૂકી તેમાં પાણી રેડવાથી તે અનસખડી કહેવાય) અનસખડી ભોગની સેવામાં કૂવાના જળનાં ઝારીજી ભરવા અનિવાર્ય છે.

**૩) સખડીની સેવાઃ** આ સેવાનો સર્વોચ્ચ પ્રકાર છે. અહીં મિસરીની સેવાવત્ જ સેવા થાય છે. ફક્ત વૈષ્ણવ ભોગમાં દાળ–ભાત–રોટલી પણ ધરે છે. સખડી એટલે ભાત, જે સેવામાં વૈષ્ણવ ભાત પણ આરોગાવી શકે એ સખડીની સેવા. આ સેવામાં વૈષ્ણવને કૂવાનાં જળથી જ ઝારીજી ભરવી પડે છે. પણ હાલના યુગમાં કૂવાનું જળ શક્ય ન હોય તો આજ્ઞા લઇ જે જળ પ્રાપ્ત હોય તેનાથી સેવા કરવી. આ ઉપરાંત પ્રત્યેક ઉત્સવ ઉપર વિવિધ સામગ્રી આરોગાવી પડે છે. સખડીની સેવા સર્વોચ્ચ છે કારણકે એમાં શુદ્ધતા બહુ રાખવી પડે છે. વૈષ્ણવ જે પણ દાળ–ભાત–રોટલી લે છે એ પહેલાં શ્રીઠાકોરજીને આરોગાવીને જ લે છે. આજે પુષ્ટિમાર્ગમાં સખડીની સેવા કરનારા વૈષ્ણવો પણ ઘણા છે. દરેક હવેલીમાં સખડીની જ સેવા થાય છે.

ઉપરોક્ત ત્રણ પ્રકારની સેવામાંથી વૈષ્ણવે પોતાના સામર્થ્યાનુસાર કોઇ પણ એક પ્રકારની સેવા અવશ્ય કરવી જોઇએ કારણકે ગૃહસેવા વગરનું ઘર એ અધુરૂં ઘર છે.

# કીર્તન

શ્રી ઠાકોરજીની સેવામાં મનની એકાગ્રતા, પ્રભુ પ્રસન્નતામાં રહે તે હેતુથી સેવામાં રાગ, ભોગ અને શૃંગારને પ્રભુત્વ આપવામાં આવેલ છે. રાગ એટલે જુદા જુદા રાગમાં ગવાતા કીર્તનો, શ્રી ઠાકોરજીને સૌથી વધુ કીર્તનો પ્રિય છે અને તેથી રાગને પ્રથમ સ્થાન આપેલું છે. હવેલીઓ માટે દરરોજ ઉચ્ચ પ્રકારના વાદ્ય સાથે, રાગ સાથે કીર્તનોને સ્થાન આપવામાં આવે છે. શ્રી પ્રભુને જગાવતા, ભોગ આરોગાવતા, પારણામાં ઝૂલાવતા, રાજભોગ અને અન્ય ભોગમાં આરોગવાના અચવનનાં, બીરીના, વ્યારૂના, દૂધના, સેન સમયનાં અંતે માન અને પોઢવાના અને આશ્રયના કીર્તનો ગાવામાં આવે છે. ત્યારબાદ શ્રી ઠાકોરજી સુખથી શયન કરે છે. જેમ વેદ શ્રી પ્રભુની વાણી છે તેમ કીર્તનો પણ શ્રી પ્રભુની વાણી છે. ભક્તોએ શ્રી ઠાકોરજી પ્રત્યક્ષ લીલા જોઇને તેનું વર્ણન કીર્તન દ્વારા કરેલું છે. કીર્તનમાં પ્રભુનાં યશ અને લીલાઓનું વર્ણન હોય છે.

# આશ્રયપદનું ગાન

## (એક પલકજો રહીએ વૃંદાવન)

એક પલક જો રહીએ વૃંદાવન, એક પલક જો રહીએ
જન્મ જન્મકે પાપ કટત હૈ, શ્રીકૃષ્ણ કૃષ્ણ મુખસે કહીએ ...વૃંદાવન
મહાપ્રસાદ ઔર  જલ જમુનાકો, તનક તનક પુર લઇએ
સૂદાસ વૈકુંઠ મધુપૂરી, ભાગ્ય વિના કહાંસે પાઇએ ...વૃંદાવન

# પુષ્ટિમાર્ગ સામાન્ય જ્ઞાન - પ્રશ્નોત્તરી

પ્ર-૧ સૌને પ્રેમપૂર્વક 'જયશ્રીકૃષ્ણ' શા માટે કહેવા જોઇએ ?

» આપણે જ્યારે સામી વ્યક્તિને 'જયશ્રીકૃષ્ણ' કહીએ છીએ, ત્યારે સામી વ્યક્તિના હૃદયમાં બિરાજતા આપણા સ્વામી ભગવાન શ્રીકૃષ્ણનો જયઘોષ કરી, તેમનું સ્મરણ કરીએ છીએ. પ્રભુનું નામ કર્ણ દ્વારા હૃદય સુધી પહોંચતા મનના વિકારો અને પાપ ધોવાય છે. આપણાં પ્રભુનું સ્મરણ કરતા અને તેમની જય બોલતાં આપણાં હૃદયને આનંદ થવો જોઇએ. માટે 'જયશ્રીકૃષ્ણ' કહેવાની રીત માત્ર રૂઢિ કે ટેવ ન બનવી જોઇએ. બે હાથ જોડી, સાચા હૃદયપૂર્વક અને પ્રસન્નતાથી સૌને 'જયશ્રીકૃષ્ણ' કહેવા જોઇએ.

પ્ર-૨ શ્રી વલ્લભકુળના બાળકોને જયશ્રીકૃષ્ણ કેમ ન કહેવાય ?

» આપણે શ્રી વલ્લભકુળના બાળકોને આપણે 'જયશ્રીકૃષ્ણ' કરીએ તે ઉચિત નથી. તેઓ શ્રી ગુરૂદેવ, શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ છે માટે દાસ તરીકે આપણે તેમણે દંડવત કરવા જોઇએ. તેમણે 'જયશ્રીકૃષ્ણ' કહેવા એ સમ્પ્રદાયની રીત પ્રમાણે વૈષ્ણવનો વિવેક નથી. માટે શ્રી વલ્લભકુળના બાળકો સન્મુખ થતાં હાથ જોડવા, મસ્તક નમાવવું, ચરણ સ્પર્શ કરવા અને દંડવત્ કરવા. પરંતુ તેમણે 'જયશ્રીકૃષ્ણ' કહેવાય નહીં. પણ 'દંડવત' બોલવું જોઇએ.

પ્ર-૩ શ્રી ઠાકોરજીની સન્મુખ દર્શન કરતા હોઇએ ત્યારે બીજા વૈષ્ણવોને હાથ જોડીને 'જયશ્રીકૃષ્ણ' શા માટે ન કહેવાય ?

» કારણ કે ત્યાં આપણી સામે સાક્ષાત પ્રભુ બિરાજે છે. તેમના જ દર્શન કરી હાથ જોડી, વંદન કરીએ અને દંડવત્ કરીએ તે ઉચિત છે પ્રભુની સન્મુખ શ્રીવલ્લભકુળને પણ હાથ જોડાતા નથી અને દંડવત્ થતાં નથી. શ્રી ઠાકોરજીની સન્મુખ કોઇપણ વ્યક્તિ પૂજ્ય નથી, શ્રીઠાકોરજી જ પૂજ્ય છે.

પ્ર-૪ ગોસ્વામી બાળકો વૈષ્ણવોને ત્યાં પધારે તે વેળાં સામગ્રી આરોગવા આગ્રહ કરવો એ કેટલે અંશે ઉચિત છે ?

» વૈષ્ણવો પોતાને ઘેર ગોસ્વામી બાળકોને પધરાવે છે તે આચાર્ય અને ગુરૂ બુદ્ધિથી પધરાવે છે. સામાન્ય શિષ્ટાચાર રૂપે જ્યારે કોઇ વિશિષ્ટ વ્યક્તિ કે અતિથિ વિશેષ આપણે ત્યાં પધારે ત્યારે આપણે ઉમળકાપૂર્વક પુષ્પમાળા, ફળફળાદિ, રસ, દૂધ, મિઠાઇ આદિ સામગ્રી દ્વારા એમનું સન્માન કરવા પ્રેરાઇએ છીએ. ગોસ્વામી બાળકોની પધરામણી વખતે પણ આવો શિષ્ટાચાર કરાતો હોય છે. પરંતુ આ શિષ્ટાચાર સામગ્રી આરોગાવવા માટે ગોસ્વામી બાળકોને આગ્રહ કરવો એ ઉચિત નથી કારણકે સમ્પ્રદાયમં આચાર-વિચાર અને આહાર અંગે શ્રીમહાપ્રભુજીએ (જે મેડ) બાંધી છે એનું સંરક્ષણ આરોગાવવા માટેનો આગ્રહ કરવાની પ્રક્રિયામાં થવો અશક્ય છે.

શિષ્ટાચાર રીતે ગોસ્વામી બાળકો સન્મુખ જે કોઇ સામગ્રી આપણે ધરીએ, તે બાળકોનો હસ્ત સ્પર્શ કરાવી તે દ્વારા ભાવનાથી પ્રસાદી કરવી, આ પ્રસંગે આવેલા વૈષ્ણવ સમુદાયમાં, બાંટી સન્માનનો આનંદ માણવો જોઇએ. સામગ્રી આરોગવાનો દુરાગ્રહ રાખે છે. એ આરોગવાનો દુરાગ્રહ વૈષ્ણવો માટે પણ ઉચિત નથી.

પ્ર-૫ વંદન-પ્રણામ-નમસ્કારમાં કંઇ ભાવના છે ?

» **વંદનઃ** વંદન અને ચંદન એતો નંદનંદનને નવાજવાના નજરાણા. વંદન અને ચંદન આ બંને નંદનંદનને ખૂબ જ પ્રિય છે કારણ કે બંને શીતળતા આપનાર છે. ચંદન લલાટને શીતલતા આપે, વંદન હૃદયને. વંદન એટલે વફાદારી રહીશ, કદી વિશ્વાસઘાત નહીં કરું એવી આપણે પ્રતિજ્ઞા લઇએ છીએ.

» **પ્રણામઃ** પ્રણામ એટલે પ્રામાણિક રહેવાનું પ્રતિજ્ઞાપત્ર. હે પરમાત્મા, તુ જેમ અન્ન, જળ, પ્રકાશ આપીને જીવાડે છે તેમ હું આપને સદા પ્રામાણિક રહીશ.

» **નમસ્કારઃ** નમસ્કાર એટલે નમક હલાલી, નમસ્કાર કરીને પરમાત્માને કહેવાય કે નમક હલાલ થઇશ, નમક હરામ નહીં થાઉં. જે આપણને જીવાડે, જમાડે, રમાડે, સુવાડે એને જ ભૂલી જવો એ મોટામાં મોટી નમક હરામી છે.

પ્ર–૬ દંડવત કેટલા પ્રકારે થાય ? કયા કયા ? શ્રેષ્ઠ કયા ? શાથી ?

» દંડવત બે પ્રકારે થાય છે. એક કેવળ દંડવત કરવા અને બીજા માથુ ઝૂંકાવીને બોલીને દંડવત કરવા. કેવળ દંડવત કરવા એ ઉતરતો પ્રકાર છે. બોલીને એટલે 'જે જે' એમ મુખથી બોલીને દંડવત ક્રિયા કરવી. એમાં ક્રિયા અને વાણીનું એકીકરણ છે. ફક્ત મુખથી દંડવત બોલીને નહીં પણ માથું ઝુકાવી, પ્રણામ મુદ્રા સહ દંડવત એમ મુખથી બોલીને કરવા જોઇએ. કારણ કે આપણે ત્યાં નમસ્તે બોલાતું નથી. આપણે ત્યાં નમસ્કાર છે. નમસ્કૃતિ છે. નમસ્તેમાં શુભાંશ છે અને નમસ્કારમાં નમવાની કૃતિ છે. આ બેમાં આટલું અંતર છે. એકમાં હૃદયની શુભ ભાવના છે અને બીજામાં શુભ ભાવના અનુસારનું આચરણ છે, બેમાં જે અંતર છે તે નમસ્કાર અને નમસ્તે શબ્દમાં છે.

પ્ર–૭ સાષ્ટાંગ દંડવત કોણ કરે છે ? કેવી રીતે થાય ?

» સાષ્ટાંગ દંડવત પુરૂષો કરે છે. સાષ્ટાંગ દંડવતમાં માથુ, છાતી, બે હાથ, બે ઢીંચણ અને બે પગની આંગળીઓ એમ કુલ આઠ અંગ ભૂમિને અડકવા જોઇએ. દંડ એટલે જમીન પર ઉભી પડેલી લાકડીની જેમ સુઇ જઇ બે હાથ માથા તરફ લંબાવી હાથ જોડી દંડવત કરવા. સહ અષ્ટઅંગ એટલે જ સાષ્ટાંગ દંડવત.

પ્ર–૮ બહેનોને સાષ્ટાંગ દંડવત કરવાની છૂટ શા માટે નથી ?

» બહેનાને સાષ્ટાંગ દંડવત કરવાની છૂટ નથી. એની પાછળ એક ભારતીય વિજ્ઞાન કે ભારતીય માન્યતા કારણભૂત છે. બે વસ્તુઓ પૃથ્વી પર ભાર વધારનારી છે. એવી એક વૈદિક માન્યતા છે તેથી એનો પૃથ્વી સાથે સંયોગ ન થવો જોઇએ. (૧) બ્રાહ્મણની ગુદા. બ્રાહ્મણે પૃથ્વી પર આસન બિછાવીને બેસવું એમ વૈદિક સંસ્કૃતિનો નિયમ છે. (૨) સ્ત્રીઓના સ્તન, તેથી બહેનોએ પંચાગ દંડવત કરવા. પંચાગ દંડવતમાં મસ્તક, બે હાથ અને બે પગ ધરતીને અડવા જોઇએ. છાતી ધરતીને અડકે નહીં.

પ્ર–૯ ચરણામૃત શા માટે લેવું જોઇએ ?

» ચરણામૃત દેહ શુદ્ધિ માટે લેવું જોઇએ.

પ્ર–૧૦ ચરણામૃતના પેંડા કેવી રીતે બને છે ?

» ચરણામૃતના પેંડા વ્રજરજથી, યમુનાજીની રજ તથા શ્રીનાથજીના સ્નાનનું જળ મેળવીને ચરણામૃતના પેંડા તૈયાર થાય છે.

પ્ર–૧૧ તુલસીની કંઠી ધારણ કરવા પાછળ શો હેતુ રહેલો છે ?

» તુલસી કાષ્ઠ ભગવદ્ સંબંધી હોવાથી વૈષ્ણવોએ તુલસીની કંઠી અવશ્ય ધારણ કરવી જોઇએ. તુલસી પ્રભુને પરમપ્રિય છે. ભગવદ રૂપા છે તેથી પણ વૈષ્ણવોએ તુલસીની કંઠી અવશ્ય ધારણ કરવી જોઇએ. તેમાં પણ જયારે શ્રી મહાપ્રભુજી દ્ધારા અષ્ટાક્ષર મંત્રનું ઉચ્ચારણપૂર્વક એ કંઠીનું પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને દાન થયેલું હોવાથી, એ પ્રભુ શરણ સિદ્ધ કરનારી કૃપાશક્તિ છે. માટે એક ક્ષણ પણ તુલસીની કંઠી વિના રહેવું એ પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવો માટે યોગ્ય નથી.

પ્ર–૧૨ બે કંઠી ધારણ કરવા પાછળ શો ભાવ છે ?

» બ્રહ્મસંબંધી વૈષ્ણવોએ સામાન્યતઃ બે કંઠી જ પહેરવી જોઇએ એક કંઠી નામ મંત્રની અને બીજી નિવેદન મંત્રના ભાવથી એમ બે કંઠી પહેરાય છે.

પ્ર–૧૩ સામગ્રીમાં તુલસીજી ધરાવવાની ભાવના કેવી હોય ?

» સામગ્રીમાં તુલસીજી જે ધરવામાં આવે છે તે પ્રભુને અત્યંત પ્રિય છે અને તે પતિવ્રતા છે. તેમના સ્પર્શથી સર્વ સામગ્રીમાંના દોષ નિવૃત્ત થાય છે અને સામગ્રી પ્રભુને અંગીકાર કરવા લાયક બને છે.

પ્ર–૧૪ પ્રસાદ લેતાં પહેલાં તુલસીની કંઠી હાથમાં પકડી સન્મુખ કરી પછી પ્રસાદ લેવા પાછળ શી ભાવના છે ?»

પ્રસાદ લેતી વખતે જો એ પદાર્થ પ્રભુને નિવેદિત થયેલો ન હોય તો, આપણને ખટકો થાય છે. માટે એ લેતાં પહેલાં તુલસીને ભગવદ્ રૂપા માની, તુલસીની કંઠી સન્મુખ એ પદાર્થ કરીને પછી કેટલાક વૈષ્ણવો લે છે. ભાવનામાં જ જો વિચાર કરવો હોય તો તુલસીની કંઠી સન્મુખ કર્યા પછી પદાર્થ પ્રસાદી થયો એવી માનસિક ભાવના રહેલી છે. છતાં પ્રભુને સમર્પિત કર્યા પછી જ આપણે ઉપયોગમાં લેવો એ જ પક્ષ ઉત્તમ પક્ષ છે.

પ્ર–૧૫ તિલકજી શ્રીઠાકોરજી શા માટે ધારણ કરીએ છીએ ?

» તિલકજી શ્રી ઠાકોરજીના ચરણારવિન્દનું ચિહ્ન છે તેને આપણે મસ્તકે ધારણ કરીએ છીએ મસ્તક બુદ્ધિનું સ્થાન છે. પ્રભુ આપણને સદ્બુદ્ધિ આપે એ હેતુથી કપાળમાં તિલક ધારણ કરીએ છીએ. શ્રીઠાકોરજીના ચરણ કમળની આકૃતિને કપાળમાં ધારણ કરવાથી, એઓ શ્રી આપણા સ્વામી છે અને આપણે એમના દાસ છીએ એવો ભાવ સુચિત થાય છે. પ્રસાદી કુમકુમનું તિલકજી કરીએ છીએ. કુમકુમનો રંગ લાલ છે તે સ્નેહ સૂચક છે. શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતી તિલકજી જેવી બાહ્ય ક્રિયા તેના અલૌકિક ગુણો દ્વારા ક્રિયા કરનાર સેવકના અંતરને તદ્રૂપ બનાવે છે. તેના વડે ચિત્ત શુદ્ધિ થાય છે. ચેતન ભાવ ઉત્પન્ન થાય છે. અને તેના દ્વારા સેવક તન્મય બને છે.

પ્ર–૧૬ વૈષ્ણવતા ગોપ્ય રાખવાના કારણે કુમકુમના તિલકના બદલે પાણીથી તિલક કરવુ ઉચિત છે ?

» પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ કુમકુમનું ઉધર્વપુંડ તિલક કરવું જાઇએ. પાણીનું તિલક ન થાય. આપણો તો ધર્મ ગોપ્ય રાખ્યો છે. એવું કહીને, પાણીથી તિલક કરનારા ધર્મભીરૂ છે. આચાર્યશ્રીએ પાણીથી તિલક કરવાનો ઉલ્લેખ ક્યાંયે કરેલો નથી. ઉર્ધ્વપુંડ તિલક ભાલ ઉપર નીચેથી લઇ ઉપર તરફ કરવાની પ્રાચીન પદ્ધતિ છે તે માટે આપણે જમણા હાથનો ઉપયોગ કરીએ છીએ.

પ્ર–૧૭ તિલક માટે કોરૂં કંકુ લેવું એટલે શું ?

» આપણે જેને 'કોરૂં કંકુ' કહીએ છીએ એટલે કે જે અગાઉ કાર્યમાં ન લેવાયુ હોય તેવું કંકુ, પરંતુ કોર કંકુ, એટલે 'સૂકુ' જળ વિનાનું કંકુ ન સમજવું. સૂકા કંકુથી તિલક કરવું તે અમંગળ કહેવાય. શોક નિવૃત્તિ વખતે સુકા કંકુથી તિલક કરવામાં આવે છે. માટે જ તિલક જળયુક્ત ભીના કંકુથી કરવું.

પ્ર–૧૮ પ્રભુ વિવિધ પ્રકારના તિલક ધારણ કરે છે. એવું કીર્તનોમાં આવે છે એમાં કંઇ ભાવના રહેલી છે ?

» કીર્તનોમાં વિવિધ પ્રકારના તિલકોનું વર્ણન જરૂર આવે છે. આ સંબંધમાં શ્રી હરિરાયચરણે રહસ્યભાવનામાં ફોડ પાડ્યો છે. કેસરી તિલક શ્રી સ્વામિનીજીનો ભાવ છે. કુમકુમનું તિલક વિરહતાપનું નિવારણ કરે છે. કસ્તુરીનું તિલક શ્રીયમુનાજીનો ભાવ છે. શ્રી ઠાકોરજી ભારે રત્નજડિત તિલક ધારણ કરે છે તે શ્રુતિરૂપામાં મુખ્ય શ્રી ચંદ્રાવલીનો ભાવ છે. ગોરોચનનું તિલક સોળ હજાર શ્રી અગ્નિકુમારિકાના ભાવથી ધારણ કરે છે.

પ્ર–૧૯ શબને અગ્નિદાહ દેવાય ત્યારે તિલક તથા તુલસીની કંઠી રહેવા દેવાય ?

» અવશ્ય રહેવા દેવાય. અગ્નિદાહ દેતી વખતે તિલક કંઇ ભૂસી કઢાતુ નથી તેમ તુલસીની કંઠી પણ કાઢી ન લેવાય. અગ્નિદાહ દેવી વેળાં સાંભળ્યા પ્રમાણે કેટલીક તુલસીની કંઠી ન બળાય એવી ભાવનાથી કાઢી લે છે પરંતુ આ પ્રથા ઉચિત નથી.

પ્ર–૨૦ મંદિરોની સ્થાપના શા માટે થઇ ?

» જરૂરિયાત એ શોધની જનની છે આ શાશ્વત સિદ્ધાંત છે. સમાજને જયારે શિક્ષણની જરૂર પડી ત્યારે બાગ–બગીચા અને મનોરંજનના વિવિધ પ્રકારના સ્થાનો રચ્યા. જયારે આરોગ્યની જરૂર પડી ત્યારે દવાખાનાઓ બનાવ્યા. સમાજને જયારે શાશ્વત શાંતિ અને જીવનને ઉચ્ચભૂમિકા ઉપર લઇ જાય તેવા સ્થાપનની જરૂર લાગી ત્યારે મંદિરોનું નિર્માણ થયું. આપણાં ઋષિમુનિઓ આર્ષદ્રષ્ટા હતા. તેમણે વિચાર્યું કે સમાજના આધ્યાત્મિક અને સર્વાંગી ઉત્કર્ષ માટે બધા જ પ્રકારની આવશ્યકતાઓની પૂર્તિ મંદિર દ્વારા થઇ શકે તેમ છે તેથી મંદિરોની સ્થાપના થઇ છે.

પ્ર–૨૧ પુષ્ટિ સમ્પ્રદાયમાં 'મંદિર'ને હવેલી શા માટે કહે છે ?

» સામાન્ય રીતે ઈત્તર હિન્દુ સમ્પ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે. પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે 'પ્રભુ' આપણાં માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ સ્વરૂપ અને તેમની સેવા–દરેકના વ્યક્તિગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામૂહિક જીવનનો વિષય નહીં પણ વ્યક્તિગત જીવનનો વિષય છે. જે સેવકનું સેવ્ય સ્વરૂપ હોય, તે સેવ્યની સેવાનો તેનો વ્યક્તિગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી, તે આપણાં જીવનની, આપણાં નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે માટે ઈત્તર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઇ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામૂહિક દર્શન કે સેવા જયાં થતી હોય તેવા અન્ય માર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી. પણ શ્રીનાથજી મંદિરમાં ધજાજી તથા સુદર્શન ચક્રજી બીરાજતા હોવાથી તેને મંદિર કહેવામાં આવે છે.

પ્ર–૨૨ હવેલીએ શા માટે જવું જોઇએ અને દર્શન કેવી રીતે કરવા ?

» હવેલીએ દર્શન કરવા, મનની શાંતિ પ્રાપ્ત કરવા માટે જવું જોઇએ કારણ કે હવેલીનું વાતાવરણ શાંત અને પવિત્ર હોય છે. જેથી મન શાંત થતા, ઉત્તમ વિચાર આવે અને આત્માનું કલ્યાણ થાય. પુષ્ટિમાર્ગમાં તો ઘરને જ 'હવેલી કે મંદિર' ગણવાનું છે અને ઘર સેવાને જ પ્રાધાન્ય આપવાનું છે છતાં હવેલીમાં શ્રી ઠાકોરજીને જુદી જુદી ઋતુમાં અન્ય વ્રત અને ઉત્સવોમાં નવા નવા સાજ અને આભૂષણો અંગીકાર કરાવવામાં આવે છે તદ્ઉપરાંત કયા પ્રકારના કીર્તનો ગવાય છે અને કયા કયા સાજ વગાડવાના હોય છે તેનું જ્ઞાન પ્રાપ્ત કરવા હવેલીએ જવું જરૂરી છે.

પુષ્ટિમાર્ગમાં હવેલીમાં બિરાજમાન શ્રી ઠાકોરજીના ચરણસ્પર્શ થતાં નથી. હવેલીમાં દર્શન કરતી વખતે પહેલા ડાબા ચરણના, પછી જમણા ચરણના, પછી ઉભય ચરણના દર્શન કરતાં કરતાં કટી ભાગના પછી મુખારવિંદના દર્શન કરવા. પુષ્ટિમાર્ગમાં ચરણના જ દર્શનનો જ જીવનો અધિકાર છે. દર્શન કરતાં હોઇએ ત્યારે આંખો બંધ કરવી નહીં. કારણકે જયારે પ્રભુ સન્મખ હોય પછી તમારે કોનું ધ્યાન ધરવાનું રહે છે.

પ્ર–૨૩ કેટલાક મંદિરમાં સૂતકી વૈષ્ણવને દર્શન કરાવવામાં આવે છે કેટલાક મંદિરમાં કરાવવામાં આવતા નથી શા માટે ?

» શ્રી ગુંસાઇજીના સમયમાં કુંભનદાસની આડીથી સૂતકી વૈષ્ણવને સૂતકમાં દર્શન કરાવવાનો ક્રમ ચાલુ થયો પરંતુ તે દર્શનમાં શ્રીજી પાસે ઝારીજી વગેરે ન ધર્યા હોય ત્યારે શૃંગાર વગેરેમાં સ્પર્શાસ્પર્શનો ખ્યાલ રાખી અમુક જ સ્થાન પરથી કરાવાય છે જયાં આવી વ્યવસ્થા જાળવી શકાતી હોય ત્યાં દર્શન કરાવે છે અને જયાં આવી વ્યવસ્થા જાળવવી મુશ્કેલ હોય અથવા સ્પર્શાસ્પર્શ વગેરે થઇ જવાની સંભાવના હોય ત્યાં દર્શન નથી કરાવતા.

પ્ર–૨૪ દર્શન પહેલા ઘંટનાદ શા માટે ?

» ઘંટારવ કરવાથી તેમાંથી એક તરંગરૂપ અવાજ સાથે મંગળ ધ્વનિ ઉત્પન્ન થાય છે. તેમાં પરમાત્માના વૈશ્વિક નામ 'ઓમનો' નાદ ઉત્પન્ન થાય છે. ભગવાન પોતે મંગળ સ્વરૂપ છે આથી આપણે જયારે તેમના દર્શન કરવા માટે જઇએ ત્યારે મંદિરની અંદર અને બહારનું વાતાવરણ મંગલમય હોવું જોઇએ. વાતાવરણને મંગલમય બનાવવા માટે ઘંટનાદ કરવામાં આવે છે.

પ્ર–૨૫ ભગવાનની આરતીમાં ઘંટનાદ શા માટે ?

» જયારે ભગવાનની આરતી કરવામાં આવે છે ત્યારે પણ ઘંટારવ કરવામાં આવે છે આરતી સમયે ભક્તનોની એકાગ્રતા અને ચિત્તશાંતિમા ભંગ પાડે તેવું અમંગળ, અશુભ અવાજ થતા હોય તો તે આ મંગલકારી અવાજમાં ડુબી જાય છે અને વૈષ્ણવ એક ચિત્ત થઇ પ્રભુમાં લીન થઇ શકે તે માટે.

પ્ર–૨૬ શ્રી ઠાકોરજીની આરતી ઉતાર્યા બાદ આરતી કેમ ન લેવાય ?

» પુષ્ટિ સમ્પ્રદાયમાં શ્રી ઠાકોરજીની આરતી ઉતાર્યા બાદ લેવાય નહીં. પુષ્ટિમાર્ગમાં આરતીનો પ્રકાર પ્રજભક્તોના ભાવને અનુરૂપ હોય છે. શ્રી યશોદાજી, વ્રજ ભક્તોને એવી ભાવના કરે છે કે જયારે પ્રભુ ગૌચારણ કરવા જાય, કરીને આવે, સવારે જાગે ત્યારે તેમને બુરી નજરથી બચાવવાની ભાવનાથી શ્રી પ્રભુની આરતી ઉતારે છે. કોઇની નજર પોતાના પ્રિયજનને ન લાગે તે માટે આરતી ઉતારવી. તે તેમના વાત્સલ્ય અને પ્રેમનું પ્રતિક છે. તેમના હૃદયના વિરહાગ્નિનું એ પ્રતિક છે આમ દોષ નિવારણ માટે આરતી હોવાથી ન લેવાય.

પ્ર–૨૭ મંદિરમાં શયનના દર્શન પછી કયો ક્રમ હોય છે ?

» ઘણી જગ્યાએ મંદિરોમાં શયનના દર્શન પછી સત્સંગ–ભગવદ્ વાર્તાનો ક્રમ હોય છે. તે સમયે પ્રભુના ચિત્રજી પધરાવીને યમુનાષ્ટક ઇત્યાદિ પાઠ કરવાનો પ્રકાર ઉચિત નથી. કારણ કે શયન પછી પ્રભુ નિત્યલીલામાં પધારે છે. તેથી આપણે શ્રમ પડે. ઘરમાં સત્સંગ થતો હોય ત્યાં પાઠ કરવાનો વાંધો નથી અથવા ચિત્રજી વગર મંદિરમાં પાઠ થાય તો વાંધો નહીં.

પ્ર–૨૮ નંદ મહોત્સવના સમયે ઉછાળવામાં આવતા સિક્કા ક્યા રાખવાના ?

» નંદ મહોત્સવ વખતે ઘણી વખત જે રૂપિયા ઉછાળવામાં આવે, તે જો કોઇ વૈષ્ણવોની પાસે આવે તો, તેને ભક્તજન પોતાના પૂજનના કે સેવાના સ્થાને અથવા વ્યવસાયના દ્રવ્યના સ્થાને પૂજન કરી રાખી શકે છે કારણ કે તે 'ભગવદ અનુગ્રહ'નું એક રૂપ છે અને મનુષ્યના કાર્યને સુસંપન્ન બનાવવામાં સહાયભૂત થાય છે. માટે આ બાબત કોઇ આપત્તિ ના હોઇ શકે.

પ્ર–૨૯ પુષ્ટિમાર્ગીય હવેલીઓ અને ગૃહસેવામાં અષ્ટસખાના જ કીર્તનો કેમ થાય છે ?

» આ પ્રશ્નનો જવાબ મેળવવા સૂરદાસની વાર્તાનો, બાદશાહ અકબરનો પ્રસંગ આપણે સૌ જાણીએ છીએ.

બાદશાહે પોતાની પાસેના સૂરદાસના પદો અને પેલા પંડિતની પાસેથી સૂરની છાપવાળા એના પદો

મંગાવીને એક જળાશય પાસે જઇને બંને કાગળો પાણીમાં મૂકી દીધા. કહે છે 'ભગવાન તમે જ ન્યાય કરો.' થોડી વાર પછી જુએ છે તો સૂરદાસના સાચા પદોના કાગળ જળ ઉપર તરી રહ્યા હતા અને પેલા પંડિતની રચનાઓના કાગળ જળમાં ડૂબી ગયા હતા એવી નવાઈની વાત ! કેવો ચમત્કાર પણ આ વાત શું સૂચવતી હતી?

જેઓ ભક્ત કવિના પદો ગાશે તે સંસાર સાગર તરશે. જેઓ ભક્તિ વગરની કોરા પંડિતની રચનાઓ ગાશે, તે ડૂબશે. સરસ બોધ ! પ્રભુના કૃપાપાત્ર ભગવદીયોના હૃદયમાં પ્રભુની લીલાના સાક્ષાત્ દર્શન કરીને નીકળેલી વાણી ક્યાં અને કલ્પનાના જોડકણા કયાં ? એની તોલે ક્યાંથી આવી શકે ?

ક્યાં ઘી ચોપડેલી રોટલી અને કયા સુકુ ભોજન ? કુવારાનુ જળ જેટલી ઊંચાઇએથી આવે તેટલું ઊંચુ ચઢે છે ભગવદ્ ગુણગાન ગાનારાના હૃદયના જે ઊંડાણમાંથી નીકળે તેટલું ઊંડુ આપણા સાંભળનારા હૃદયમાં પ્રવેશે છે તે જ કૃતાર્થ કરે છે. માટે જ હવેલીઓમાં પ્રભુ સમક્ષ અષ્ટસક્ષાઓ આદિ મહાનુભાવોની વાણીના કીર્તનો જ ગવાય છે. લૌકિક મનુષ્યોની વાણી ગવાતી નથી.

પ્ર–૩૦ દેવ દ્રવ્ય કોને કહેવાય ?

» દેવ દ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય. દેવને ઉદ્ધેશીને અર્પણ કરાતુ દ્રવ્ય કે કોઇ પદાર્થ દેવદ્રવ્ય કહેવાય. તેજ પ્રકારે ગુરૂને ઉદ્ધેશીને અર્પણ કરાતું દ્રવ્ય ગુરૂ દ્રવ્ય ગણાય પ્રભુની પ્રસાદી વસ્તુને મહાપ્રસાદ કહેવાય.

પ્ર–૩૧ કયા પ્રકારના મંદિરોમાં પ્રભુએ આરોગેલી સામગ્રી મહાપ્રસાદ રૂપે લેવી તે બાધક છે ?

» આજે મોટા ભાગના મંદિરો કે હવેલીઓ ટ્રસ્ટના બની ગયા છે. ગોસ્વામી બાળકોની સંપૂર્ણ સ્વતંત્ર સત્તા તેમના ઉપર નથી ત્યાં શ્રીઠાકોરજીને અંગીકાર કરાવાતુ દ્રવ્ય, સીધું ઠાકોરજીને અંગીકાર થતું હોવાથી, તે દેવદ્રવ્ય બને છે અને દેવદ્રવ્યની સામગ્રી પ્રભુ આરોગે તે મહાપ્રસાદરૂપે લેવાથી આપણે અપરાધી બનીએ છીએ. શ્રીમહાપ્રભુજીએ પોતાના શ્રી ઠાકોરજીની સોનાની કટોરી ગીરવે મુકી લાવેલા દ્રવ્યમાંથી આરોગાવેલી સામગ્રી પોતે કે વૈષ્ણવોને નહીં આપતાં ગાયોને ખવડાવી દીધી હતી તે પ્રસંગ જાણીતો છે તેથી આ પ્રકારના મંદિરોમાં પ્રભુએ આરોગેલી સામગ્રી મહાપ્રસાદરૂપે લેવી તે પણ બાધક બને છે.

પ્ર–૩૨ શ્રીનાથજીનો ડાબો હાથ ઊંચો છે અને જમણો હાથ કેડ ઉપર છે શા માટે ?

» શ્રીનાથજીનો ડાબો હસ્ત ઊંચો છે કારણ હસ્ત ઊંચો કરી દૂર દૂર રહેલા પોતાના અનેક ભક્તોને તેઓ પોતાના ચરણોમાં આશ્રય લેવા બોલાવે છે. જમણા હસ્તની મુઠ્ઠીવાળી કેડ પર રાખી અંગુઠો બતાવે છે તે એમ સૂચવે છે કે મારા શરણમાં આવતા જીવોને હું મારી મુઠ્ઠીમાં મારે વશ રાખું છું. તેમના મનનું આકર્ષણ કરી તેમને આશ્રય આપું છું. બીજા જીવોને અંગુઠો બતાવી સુચવે છે કે હું તમારા માટે નથી. તેમની દ્દષ્ટિ નીચી ચરણારવિંદ તરફ છે. ચરણારવિંદમાં શરણે આવેલા જીવોને કૃપા દ્દષ્ટિથી નિહાળી એમ કહી રહ્યા છે કે મેં તમારો સ્વીકાર કર્યો છે. તમારા દોષોનો વિચાર કર્યો નથી.

પ્ર–૩૩ શ્રી હરિરાયજીએ શ્રીનાથજીની સાત ધજાના સમજાવેલા ભાવ જણાવો.

» ખાસ ધ્યાન દોરવા જેવી એ વાત છે કે નાથદ્વારામાં મનોરથો વડે મુખ્યાજી અને સેવકો દ્વારા વૈષ્ણવોની સેવા સ્વીકારી શ્રી ધજાજીને પધરાવવામાં આવે છે જયારે શ્રી ધ્વજાજી સ્વરૂપે શ્રીજી જયાં પધારે છે ત્યાં મનોરથો કર્યા વગર પણ વૈષ્ણવો પોતે જાતે શ્રી ધ્વજાજીને ભેટ અર્પણ કરી શકે છે. માટે ધ્વજાજીની વિશેષતા વધી જાય છે. શ્રીજી સ્વયં આપણા તનથી સેવા સ્વીકારે છે.

| | | |
|---|---|---|
| પહેલી ધ્વજા.. | મેઘશ્યામ.. | તેમાં શ્રીજી સ્વયં છે. |
| બીજી ધ્વજા.. | પીળી.. | તેમાં શ્રી સ્વામિનીજી છે. |
| ત્રીજી ધ્વજા.. | શ્યામ.. | તેમાં શ્રી યમુનાજી છે. |
| ચોથી ધ્વજા.. | શ્વેત.. | તેમાં શ્રી ચંદ્રાવલીજી છે. |
| પાંચમી ધ્વજા.. | લીલી.. | તેમાં શ્રી રાધા સહચરીનીજી છે. |
| છઠ્ઠી ધ્વજા.. | જાંબલી.. | તેમાં શ્રીગિરિરાજજી છે. |
| સાતમી ધ્વજા.. | ગુલાબી.. | તેમાં શ્રીગોપીજનો છે. |

પ્ર–૩૪ શ્રી યમુનાજીના શ્રી હસ્તની માળાની ભાવના શું ?

» શ્રી યમુનાજીના ચિત્રોમાં તેમના ડાબા શ્રીહસ્તમાં કમળની માળા હાયે છે. શ્રી પ્રભુને ધરવા માટે હોય છે. તેવી ભાવના છે તે જપની માળા હોતી નથી તેથી કોઇપણ શ્રી હસ્તમાં માળા હોય તેમાં આપત્તિ નહીં. આમેય ધર્મશાસ્ત્ર પ્રમાણે સ્ત્રી માટે ડાબો હાથ શુભ મનાય છે.

પ્ર–૩૫ શ્રી યમુનાજીની આરતી લેવાય કે નહીં ? શા માટે ?

» વિશ્રામ ઘાટે સવાર–સાંજ જે શ્રીયમુનાજીની આરતી થાય છે તે તેમની પૂજા ભાવથી થાય છે માટે તે આરતી લેવાય છે. શ્રી યમુનાજીના આધિદૈવિક સ્વરૂપના પૂજનનું એ આરતી એક અંગ હોઇ તે લઇ શકાય છે. જેમ શ્રીયમુનાજીમાં દૂધ ઇત્યાદિ સામગ્રી ધરી પૂજન કરવાનો ક્રમ હોય છે તેવો જ ભાવ અહીં રહલો છે. સેવામાં બિરાજતા શ્રી યમુનાજીની આરતી ઉતારી તે લઇ શકાય નહીં કારણ કે ત્યાં સાક્ષાત ભગવદ સ્વરૂપનો ભાવ છે.

પ્ર–૩૬ નાવમાં બેસી શ્રી યમુનાજીની આરતીના દર્શન કરાય ?

» ઘણાં વૈષ્ણવો મનમાં શંકા કરતા હોય છે કે શ્રી યમુનાજીમાં નાવમાં બેસી આરતીના દર્શન કરવા કે કેમ? દોષ નાવમાં બેસવાનો નથી પરંતુ નાવ નિશ્ચિત સ્થાને હોવી આવશ્યક છે. આરતી થતી હોય ત્યારે તેની સામેથી નાવ પસાર ન થવી જોઇએ. અથવા આરતીની સન્મુખ નાવ ઊભી રાખવી જોઇએ નહીં. અન્યથા નાવમાં બેસીને આરતીના દર્શન કરવાનો દોષ નથી.

પ્ર–૩૭ વૈષ્ણવો વ્રજયાત્રા અને વ્રજવાસ કરવાનો ઘણો આગ્રહ રાખે છે. એનું કારણ ?

» વ્રજ શ્રીઠાકોરજીનું નિત્યલીલાધામ ગોલોક છે. મૂળ ગોલોકમાં મૃત્યુ બાદ જઇ શકાય પરંતુ સદેહે વ્રજ ગોલોકમાં વાસ કરી શકાય. વૈષ્ણવોની એવી ભાવના છે કે શ્રીઠાકોરજીની કૃપા થાય તો વ્રજમાં અલૌકિક અનુભવ પ્રાપ્ત થાય. શ્રીઠાકોરજી રાત દિવસ વ્રજચોર્યાસી કોસમાં યથેચ્છા લીલાવિહાર કરે છે આમ વ્રજ અલૌકિક છે તે ભગવદ્ધામ હોવાથી ભગવદ્ સ્વરૂપ છે. વ્રજના વાયુ, વ્રજના જળ, વ્રજના ધામ અને વ્રજવાસીઓ સૌ દિવ્ય છે તેમના આધિદૈવિક સ્વરૂપનો વિચાર કરીને વ્રજયાત્રા અને વ્રજવાસ કરવા જોઇએ.

પ્ર–૩૮ વ્રજરજનો મહિમા શું છે ?

» વ્રજરજ બીજી ભૂમિની ધૂળ જેવી લૌકિક નથી. વ્રજની રજમાં શ્રીઠાકોરજીના ચરણારવિંદ સદા ફરે છે. શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં લક્ષ્મી રહેલા છે એ લક્ષ્મી શ્રી ઠાકોરજીના ચરણારવિંદના કુમકુમને પોતાના હૃદય ઉપર ધારણ કરે છે શ્રીઠાકોરજીના ચરણારવિંદનું એ કુમકુમ વ્રજરજમાં મળેલું છે તેથી એ વ્રજરજ દિવ્ય, અલૌકિક અને સ્વરૂપાત્મક છે આથી જ વ્રજરજમાં લોટવાનું અને શરીર પર લગાડવાની ભાવના છે.

પ્ર–૩૯ શ્રી ગિરિરાજજી ભગવદીયોમાં શ્રેષ્ઠ કેમ ગણાય છે ?

» શ્રી ગિરિરાજજી ભગવદીયોમાં શ્રેષ્ઠ છે. તેઓ ભગવદીય સૃષ્ટિનું રત્ન છે, કારણ કે શ્રી બલરામ અને શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં સ્પર્શથી તેમને પરમ આનંદ થયો છે તેમનું રોમરોમ સ્પર્શ માત્રથી પુલકિત થયુ છે કારણકે પ્રભુના ચરણ સાક્ષાત ભક્તિમાર્ગરૂપ છે. ભક્તિમાર્ગના સ્પર્શથી જેમને આનંદનો અનુભવ થાય છે તે ભગવદીયોમાં શ્રેષ્ઠ ગણાય છે.

પ્ર–૪૦ સાંજે શ્રી ગિરિરાજબાવાને શ્રીનાથજીના શૃંગાર ધરી દર્શન કરાવવામાં આવે છે. એનો શો ભાવ છે ?

» એનો ભાવ એવો છે કે શ્રીનાથદ્વારાથી સાંજે શ્રીનાથજી વ્રજમાં પધારે છે. શ્રીનાથજી અને શ્રીગિરિરાજજી એક જ સ્વરૂપ છે. તેથી દરરોજ સાંજે અને પછી શયનના દર્શન ખૂલે, શયન આરતી થાય. આમ શ્રીગિરિરાજજી શ્રી ગોવર્ધનનાથજી સ્વરૂપે આપણને દર્શન આપે છે.



ઊઠો જાગો પુષ્ટિમાર્ગ સર્વશ્રેષ્ઠ ધર્મ છે,
સ્વધર્મના પ્રચાર-પ્રસારના સદ્કાર્યમાં કટિબદ્ધ બનો..

ષષ્ઠ પીઠાધિશ્વર પ. પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીનો

# વિદ્યાર્થીઓને સંદેશ..



વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

તમારે પ્રગતિ કરવી છે ? પ્રગતિના પંથે આગળ વધવું છે ?
તો આ રહ્યા તેના ઉપાય !
નીચે દસ પ્રશ્નો આપ્યા છે. તે બધાના ઉત્તર હકારમાં આવે તો
તમે ચોક્કસ માજનો કે તમે સો ટકા પ્રગતિ કરી શકશો.

૧. તમને તમારી વસ્તુઓ યથાસ્થાને મૂકવાની ટેવ છે ?
૨. આજનું કામ આજે જ કરવાની ટેવ છે ?
૩. સમય, શક્તિ અને પૈસાનો દુર્વ્યય ન થાય તે માટે સભાન છો ?
૪. પ્રતિજ્ઞા લીધા પછી પ્રતિજ્ઞા પાલન માટે મક્કમ છો ?
૫. તમે તમારું ઘરકામ નિયમિત કરો છો ?
૬. તમે તમારી શાળામાં નિયમિત રીતે જાઓ છો ?
અને શાળાના પૂરા સમય સુધી રહીને ધ્યાનપૂર્વક ભણો છો ?
૭. તમે તમારા પપ્પા-મમ્મી, વડિલો તેમજ ગુરુજનો પ્રત્યે આદરભાવ રાખો છો ?
૮. તમને કોઈ મહત્વકાંક્ષા છે ?
૯. તમે મહત્વકાંક્ષા પરિપૂર્ણ કરવા કમર કસીને પુરુષાર્થ કરો છો ?
૧૦. તમે વર્તમાનપત્રો વાંચો છો ? મહાપુરુષોના જીવનચરિત્ર વાંચો છો ?

## આદર્શ વિદ્યાર્થી બનવા માટે..

- વ્યસનો થી દૂર રહેવું
- નિયમિત શાળાએ જવું
- વિનય અને વિવેકથી વર્તવું
- ટી.વી.નાં કાર્યક્રમોથી દૂર રહેવું
- નિયમિત પોતાના અભ્યાસનું વાંચન કરવું
- સાદું જીવન અને ઉચ્ચ વિચાર રાખવા
- વ્યાયામ અને રમત-ગમતમાં ભાગ લેવો
- માતા, પિતા અને ગુરુની આજ્ઞા પાળવી
- સ્વાશ્રયી, સ્વાવલંબી અને સંયમી બનવું
- ઘરમાં તથા શાળામાં શિસ્તનું પાલન કરવું
- સત્યનિષ્ઠ, પ્રમાણિક, નિરભિમાની અને માનવતાવાદી બનવું